Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ
ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા
વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૯ મું. ] શ્રાવણ-સંવત ૧૯૭૯. વીર સંવત ૨૪૪૯. [ અંક ૫ મો.

## सतिस्त्रीनां सुंदर सौभाग्यभूषणो.

શણગાર સતિને પતિવ્રતાનો, સદા અંગપર સોહીએ;
ફેશનમાં ગરકાવ બની, નિજ કુલીનપણું નવ ખોઈએ.
સાડી શિયળની જોઈએ,
ચતુરાઈ ચોળી સોહીએ,
મૃદુ વચન ભૂષણ મોહીએ,
સુંદર હોય જો ભલે પરાઈ, વસ્તુપર નવ મોહીએ, શણગાર૦
વિનય વરણાગી જોઈએ,
વિદ્યાવિલાસમાં મોહીએ,
કંકણ સુકીર્ત્તિ સોહીએ,
સદાચાર સંતોષ સર્વદા, સમયસૂચકતા જોઈએ. શણગાર૦
સદ્‌ગુણ સંગી જોઈએ,
દૃષ્ટિ તો નિર્મળ સોહીએ,
વિચાર અંતર જોઈએ.

For Private And Personal Use Only

દયાધર્મ નીતિ મર્યાદા, માંહિ મનડું પરોઈએ;
શણગાર સતિને પતિવ્રતાનો. સદા અંગપર સોહીએ;

ગુણાનુરાગ કરનો ચાહીએ, ગુણવાન જીવોપર સદૈવ પ્રીતિ કરની;
દુસરોકી વાહવાહ હોતી દેખકે, પરદ્વેષ ન કરતે તીસકી અનુમોદના કરની.

**રાજપાળ મગનલાલ બાબરેચી.**

## અમૃતનો ઘુંટડો

**અરે ! શું માનવનો અભિમાન-એ રાગ.**

અરે ! આ અલ્પ આયુ અવતાર,
સલીલ સમ સરી જશે રે;
ખરે જ્યમ મેઘવિદ્યુત ચમકાર,
મુહૂર્તમાં વીતી જશે રે. અરે—આ૦

રઝળી રખડી ભવકાન્તારે, નરભવ પામ્યા ગુણવન્તારે;
પૂજ્ય જિનેશ્વર જયવંતારે, ધર્મદંડ કર ધાર. અરે—આ૦

ધુધવે ભવનો સાગર જોને, અન્તર મચ્છતણાં ઘર જોને;
દંડ વિના મૃત્યુ ડર જોને, નહીં ખસતાં જરીવાર. અરે—આ૦

શ્રી વીતરાગતણું શુભ પૂજન, સદ્ગુરૂ સેવન ને ગુણગુંજન;
કોકિલ સમ થઈ કરીએ કૂજન, આત્મતણો ઉદ્ધાર. અરે—આ૦

શુભ્ર મને તપ જપ વ્રત કરીએ, પાપપંથ પ્રતિદિન પ્રતિક્રમીએ;
શાંતિ ક્ષમા દયમાં વિહરીએ, ધરીએ શ્રદ્ધા પ્રભુ પર પ્યાર. અરે—આ૦

ઉદય અસ્ત અવલોકન કરીએ, ચંચળ લક્ષ્મીતણો મદ ત્યજીએ;
હરદમ કર્મ અશુભથી ડરીએ, લહીએ વીરશરણ સુખકાર.
અરે ! આ અલ્પ આયુ અવતાર૦

" સુંદર "

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દુર્લભ મનુષ્યભવને નિરર્થક કરતાં જીવોને "ચેતવણી."

ઘટે નહિ આવું, ચેતનજી ! ઘટે નહિ આવું. એ આંકણી

દુર્લભ મનુષ્યાયુ પાયકે, ઘસી હાથ જાવું, ચેતનજી ઘટે નહિ આવું.
કાગ ઉડાવન અનુપ રત્નકું, ફેંકી ખુશી થાવું-ચેતનજી- ૧
માત્ર તનસુખ કારણ નરભ, નિરર્થક કરી જાવું-ચેતનજી-
સાર્થકતા શું મનુષ્ય ભવની, નહિ પ્રશ્ન એ થાવું-ચેતનજી-૨
મૂર્ખશિરોમણિ છેલ છબીલા, ભવ હારી જાવું-ચેતનજી-
ખાન પાન વ્યવહારે કુશળા, ગીત તેનુંજ ગાવું-ચેતનજી- ૩
થયો મગ્ન તું જગ એઠવાડે, સદા એઠ ખાવું-ચેતનજી-
પરભાવે ગયો કાળ અનંતો, છતાં તેજ ચ્હાવું-ચેતનજી- ૪
નિર્લજ્જ ખોટી તુજ પ્રવૃત્તિ, અહિતથી ન્હાવું-ચેતનજી-
આત્મધર્મને નવિ પિછાણ્યો, આયુ ગયું ચાલ્યું-ચેતનજી-૫
પરસંગથી કેવો તું દુઃખી, ભાન ત્હને નાવ્યું-ચેતનજી-
નિવાર્યો નાથે પરસંગને, તુજ મન તેમાં ધાયું-ચેતનજી--૬
વિભાવથી સંસારે રૂળે, વિભાવ તુજ ભાવ્યું--ચેતનજી-
વિકળ રોગ ઉત્પત્તિ કારણ, ચિત્તે નહિ લાવ્યું-ચેતનજી-- ૭
મોહરાયની એહ કલંકતા, ત્હેં નહિ એ ગ્રાહ્યું-ચેતનજી-
વિપરીત દૃષ્ટિ થકી તુજને, અપથ્ય તે ભાવ્યું-ચેતનજી- ૮
ફેંકી રત્ન પસ્તાયો શેઠજી, તિમ ત્હારૂં થાવું-ચેતનજી-
મૂકી પોક છાતી ઘણી કુટી, ગયું રત્ન નાવ્યું-ચેતનજી- ૯
રે! મૂઢ એ દ્રષ્ટાંત દેખકે, મ કર મોહ ફાવ્યું-ચેતનજી-
કાળ અનંત થયા તું રખડે, ભવ પાર નાવ્યું-ચેતનજી- ૧૦
લાગ્યો હોય જો થાક ભ્રમણનો, વિરમી ઝટ જાવું-ચેતનજી-
કર પ્રવૃત્તિ આત્મશુદ્ધિની, જીમ કુંદન તાવ્યું-ચેતનજી- ૧૧

## ધર્મવિના કાંઈએ સુધરવાનું નથી.

( કવ્વાલી )

સહુના કાર્યની સિદ્ધિ, થાયછે ધર્મ કરવાથી;
ધમાલે ધર્મ છોડીને, નથી કાંઈએ સુધરવાનું. ૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃક્ષના મૂળમાં વન્હિ; લગાડી આશ જો કરીએ;
મનોરમ પુષ્પ ને ફળની, નથી કાંઇએ સુધરવાનું. —૨
જગતના જીવને જગમાં, વિચરતાં સુખ મેળવવા;
પુણ્યની સહાયતા છોડી, નથી કાંઇએ સુધરવાનું. —૩
અત્યારે વિશ્વમાં બહુધા, થયા છે ધર્મના દ્વેષી;
પરંતુ આમ કરવાથી, નથી કાંઇએ સુધરવાનું. —૪
ઉત્તમ ધી શ્રી અને જીવન, મળ્યાં જે ધર્મ પરતાપે;
પરાઙ્મુખ થઈ વિચરવાથી, નથી કાંઇએ સુધરવાનું. —૫
વિપત્તિઓ વધી જ્યમ જ્યમ, વિસારી ધર્મને ત્યમ ત્યમ;
વળીને વિપરીત વાટે, નથી કાંઇએ સુધરવાનું. —૬
ધર્મના છાંયડે રહીને, સુધારો સાધવો જોઈએ;
ધર્મથી ભ્રષ્ટ થઇ જઇને, નથી કાંઇએ સુધરવાનું. —૭
તમારી દુર્દશા કયમ થઇ, વિચારો કાં ન ઉર એવું
કર્યો ના ધર્મને તેથી, નથી કાંઇએ સુધરવાનું. —૮
ધર્મની લાગણી છોડી, ક્રિયારૂચિ કરી ઓછી;
પતિત થઇ ધર્મશ્રદ્ધાથી, નથી કાંઇએ સુધરવાનું. —૯
પ્રભુપૂજા સ્મરણ સેવા, તજી પ્રભુભક્તિના પંથો;
અનિશ્વર વાદી બનવાથી, નથી કાંઇએ સુધરવાનું. —૧૦
અતિ અલ્પજ્ઞ થઈ પોતે, વિશેષજ્ઞોની ઉક્તિમાં;
બતાવ્યે ભૂલ ખુશ થઇને, નથી કાંઇએ સુધરવાનું. —૧૧
વધારી ભૂલ પોતાની, સુધારો અન્યનો કરવા;
હૃદયમાં હામ ભીડેથી, નથી કાંઇએ સુધરવાનું. —૧૨
અવજ્ઞા પૂજ્ય ગુરૂજનની , કરીને કાર્ય કરવાને;
કરો ઉદ્યમ ઘણો તોએ, નથી કાંઇએ સુધરવાનું. —૧૩
કથન શ્રી વીરનું મરડી, સ્તુતિનું પાત્ર ને પ્યારૂં;
રમ્યાથી રંગભૂમિમાં, નથી કાંઇએ સુધરવાનું. —૧૪
વિસારી ધર્મની ભૂમિ, જગતઉદ્ધારના પથમાં;
યત્નથી પણ વિચરશો તો, નથી કાંઇએ સુધરવાનું. —૧૫

(મુનિ કસ્તુરવિજય)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાએક સાંકેતિક અને અપરિચિત

# જૈન પારિભાષિક શબ્દોના સ્પષ્ટાર્થ.

( પ્રવેશક અભ્યાસી માટે ખાસ ઉપયોગી. )

**અર્હં**—ધ્યાન કરવા લાયક, પરમેશ્વર, પરમેષ્ઠી પદ વાચક અક્ષર, શાસ્ત્ર પ્રારંભ કરતી વખતે શુદ્ધ મનથી સંભારતાં પ્રારંભિત શાસ્ત્રની સારીરીતે વ્યુત્પત્તિ સ્પષ્ટીકરણ કરાવનાર થાય છે.

**અરિહંત**—રાગ, દ્વેષ અને મોહાદિક અંતરંગ અરિ એટલે શત્રુઓનો જેણે સદંતર નાશ કર્યો છે એવા જિન પરમાત્મા.

**અરુહંત**—જન્મ મરણકારી કર્મબીજ દગ્ધ કરવાથી જેને પુનર્જન્મ લેવાનો નથી એવા જિન દેવ.

**અરહોન્ત**—જેનાથી કંઈ પણ રહસ્ય છાનું રહેતું નથી, એવા સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વર ભગવાન.

**અવધિ**—પાંચ જ્ઞાન પૈકી ત્રીજું જ્ઞાન, રૂપી દ્રવ્ય વિષયિક, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષજ્ઞાન હોવાથી ચઢિયાતું. સમકિતવંત દેવોને નિશ્ચે હોય અને મનુષ્યાદિકને સમકિત સહિત તપયોગે કર્મના ક્ષયોપશમથી ( અવધિ જ્ઞાનાવરણ દૂર થયેથી ) થાય છે.

**અવિધિદોષ**—ધર્મશાસ્ત્રવિહિત ક્રિયાકાંડ કરવા માટે કથિત માર્ગથી વિપરીત આચરણ.

**મતિજ્ઞાન**—મન અને ઇંદ્રિય સાપેક્ષ થતું હોવાથી પરોક્ષ જ્ઞાન, તેના ૨૮ પ્રકાર કહ્યા છે.

**અસંખ્ય**—સંખ્યાતીત, ઉત્કૃષ્ટ સંખ્યાથી અધિક, જેના અસંખ્ય ભેદ હોઈ શકે છે.

**અનંત**—જેનો અંત આવે નહિ, ઉત્કૃષ્ટ અસંખ્યથી પણ અધિક, કેવળજ્ઞાનીનેજ ગમ્ય હોઇ શકે. તેના જઘન્ય મધ્યમાદિક અનંત ભેદ થઇ શકે છે.

**શ્રુતજ્ઞાન**—પાંચ જ્ઞાન પૈકી બીજું જ્ઞાન ઇંદ્રિય સાપેક્ષ હોવાથી મતિજ્ઞાનની પેરે પરોક્ષ છતાં સ્વપરપ્રકાશક છે, તેથી અન્ય જ્ઞાન કરતાં વધારે ઉપકારી છે.

**મનઃપર્યવજ્ઞાન**—પાંચ જ્ઞાન પૈકી ચોથું જ્ઞાન અપ્રમાદી એવા નિર્ગ્રંથ સાધુને જ પ્રાપ્ત થાય છે. તેથી અઢીદ્વીપ ને બે સમુદ્ર અંતર્વર્તી સંજ્ઞી મનુષ્ય તથા તિર્યંચોના મનોગત ભાવ ( અધ્યવસાય ) ને જાણી શકાય છે.

**કેવળજ્ઞાન દર્શન**—(કૈવલ્ય)-કેવળ-અસહાય (જેને અન્ય ઇન્દ્રિય સાપેક્ષ શ્રુતજ્ઞાનાદિના સહાયની જરૂર નથી.) અથવા અદ્વિતીય, સંપૂર્ણ, અસ્ખલિત, અખંડ, પરિપૂર્ણ, લોકાલોકપ્રકાશક-જ્ઞાન દર્શન જે જ્ઞાનાવરણી દર્શનાવરણી મોહનીય અને અંતરાય રૂપ ચારે ઘાતીકર્મનો ક્ષય થયે છતે

For Private And Personal Use Only

આત્મામાં ક્ષાયિક ભાવે પ્રગટ થાય છે, જે સદોદિતજ રહે છે. સંપૂર્ણ કળા સાથે સદાય પ્રકાશમાન રહે છે. કદાપિ અસ્ત થતાં નથીજ.

**અંગ**—આચારાંગ પ્રમુખ દ્વાદશ અંગ પૈકી કોઈ તીર્થંકર ભગવાનના મુખ્ય શિષ્ય—ગણધરે રચેલ સત્શાસ્ત્ર. ( આગમ )

**અંગપ્રવિષ્ટ**—પૂર્વોક્ત ગણધર મહારાજ વિરચિત શાસ્ત્રઅંતર્ભૂત કોઈ શાસ્ત્ર.

**અંતર્દ્વીપ**—યુગલીઆના રહેઠાણવાળાં શાસ્ત્રોક્ત ૫૬ સ્થાન (લવણ સમુદ્રમાં છે.)

**અંતર કરણ**—ઉપશમ સમકિત પ્રાપ્ત કરતી વખત આત્માનો પ્રયત્ન વિશેષ.

**અંતરદષ્ટિ-અંતરાત્મા**—વિવેકવંત, સમકિત જેને પ્રાપ્ત થયેલ હોય તે.

**અતિચાર**—અંગીકાર કરેલાં વ્રત નિયમમાં થતી સ્ખલના.

**અનગાર ( અણગાર )**—ઘર વાસ તજી સાધુવૃત્તિને ભજનાર મુનિ મહાત્મા.

**અન્તરાય કર્મ**—ઘાતી કર્મ પૈકી એક પ્રકારનું કર્મ, જેથી દાન, લાભ, ભોગ, ઉપભોગ, અને સહજ શક્તિ (વીર્ય)માં આત્માને આડખીલ નડયાં કરે તે.

**અનંતર ફળ**—અંતર રહિત, સાક્ષાત્ (ફળ)

**અનાહત નાદ**—સ્વાભાવિક, આત્મધ્યાનના અભ્યાસી યોગીને ઉઠેછે તે. સોડહં સોડહં એવો અપ્રતિબદ્ધ નાદ.

**અનાકાર સામાન્ય ઉપયોગ**—દર્શન. **સાકાર વિશેષ ઉપયોગ**—જ્ઞાન.

**અનાચાર**—શાસ્ત્રવિહિત આચારથી વિપરીત આચાર તે અનાચાર.

**અનિવૃત્તિ કરણ**—અપૂર્વ વીર્યોલ્લાસથી મોહગ્રંથીનો ભેદ કરીને જે અસ્ખલિત પ્રયત્નવિશેષથી ઉપશમ કે ક્ષયોપશમ-સમકિત પ્રાપ્ત થાય છે તે.

**અનિવૃત્તિ (ગુણસ્થાન)**—૧૪ ગુણસ્થાન પૈકી ૯ મું.

**અપૂર્વ કરણ**—સમકિત ગુણ પ્રાપ્ત કરવાને રાગ દ્વેષમય ગાઢી મોહગ્રંથી ભેદવા યોગ્ય અપૂર્વ વીર્યોલ્લાસ.

**સમકિત યા સમ્યક્ત્વ**—યથાર્થ તત્ત્વ દર્શન—આત્મતત્ત્વ પ્રતીતિ—આત્મ વિશ્વાસ યા શ્રદ્ધાન.

**મિથ્યાત્વ**—અતત્ત્વ યા અનાત્મ શ્રદ્ધા—તત્ત્વ ( બુદ્ધિ ) વિપર્યાસ—વિપરીત શ્રદ્ધા-આસ્થા યા વિશ્વાસ.

**કર્મ**—અજ્ઞાન મિથ્યાત્વ કષાય યોગ અને અવિરતિ પ્રમુખ વિશિષ્ટ બંધહેતુઓથી કરાય તે.

**કષાય**—સંસારચક્રભ્રમણ વધારનાર ક્રોધ, અહંકાર, માયા—કપટ અને લોભ—તૃષ્ણા.

**યોગ**—નિગ્રહ કર્યા વગરના—નહીં સંવરેલા—મોકળાં મન વચન કાયાના વ્યાપાર-પ્રવૃત્તિ.

**અવિરતિ**—હિંસાદિક પાપસ્થાનકોથી નહીં વિરમવું, સર્વથા કે અંશથી પણ વ્રત પચ્ચક્ખાણનું અણકરવું-મોકળી વૃત્તિ. **(સ.ક.વિ.)**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુમતિ અને સુશીલનો ધર્મ—સંવાદ

**સુમતિ**—ભાઈ સાહેબ! આજ કાલ શાણી લેખાતી આપણી સમાજમાં જ્યાં ત્યાં કુસંપ અને કલેશ-કજીઆ દેખી મારૂં દીલ બળી જાય છે. એનો કોઇ રીતે અંત આવે એવો સદ્‌ઉપાય આપ કૃપા કરી બતાવશો.

**સુશીલ**—ભાઇ જે સમાજમાં અજ્ઞાન અને મિથ્યાભિમાન વધી પડે છે, હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, ગમ્યાગમ્ય અને ગુણ દોષનું ભાન ભૂલાય છે, ન્યાય નીતિ અને પ્રમાણિકતાનું ધોરણ તજીને અન્યાય અનીતિ અને અપ્રમાણિકતાનું ધોરણ આદરવામાં આવે છે, તે સમાજમાં કલેશ કુસંપ ને કજીઆ સહેજે વધી પડે છે. સ્વાર્થઅંધતાનુંજ એ પરિણામ છે. જો સમાજમાં વધી પડેલા અજ્ઞાન અને મિથ્યાભિમાન દૂર કરવા સમયોચિત વ્યવહારિક નૈતિક અને ધાર્મિક કેળવણીનો મૂળથી માંડી વિવેકસર પ્રચાર કરવામાં સમાજનું હિત હૈયે ધરનાર સજ્જનો પૂરી કાળજી રાખવા પોતાનું બળ-વીર્ય વાપરે તો જાતે દહાડે આવી દુઃખદાયક સ્થિતિ સુધરવા આશા રાખી શકાય ખરી; પરંતુ જો તેઓ નિરાશા ધારણ કરી તેની ઉપેક્ષા કર્યા કરે તો સમાજસુધારણાની આશા રાખવી વ્યર્થ છે.

**સુમતિ**—દયાળુ ને પરોપકારશીલ જનો એવી ઉપક્ષા કરવી કેમ પસંદ કરે વારૂ?

**સુશીલ**—અનેક વાર ઉપાય કરવા છતાં ફળ પરિણામ સારૂં નહીં આવવાથી.

**સુમતિ**—પરિણામ સારૂં કેમ નહીં આવતું હોય?

**સુશીલ**—સમાજનાં ભાગ્ય અને યોગ્યતાની ભારે ખામીને લીધે એમ થવું સંભવિત છે.

**સુમતિ**—સમાજનાં ભાગ્ય ખીલે અને સાથે યોગ્યતા આવે એવો ઉપાય પ્રથમ કર્તવ્ય છે.

**સુશીલ**—આજકાલ સમાજ જે પોતાના સમય દ્રવ્ય અને વીર્યનો વ્યય બહુધા અંધશ્રદ્ધાથી કે સ્વચ્છંદતાથી કરે છે તે જો સમયજ્ઞ જ્ઞાની સજ્જનોની ખરી સલાહ કે શિખામણ પ્રમાણે વિવેકસર કરતાં શિખે તો સમાજનું ભાગ્ય ખીલે. વળી આજકાલ પારકાં ખુદરાં (છિદ્ર) શોધવાની ટેવ વધી છે, અને ગુણ દેખી ગ્રહણ કરવાની ટેવ ઘટી છે; તેમજ કામ, ક્રોધ, મોહ, મદ, મત્સરાદિકને વશ પડી સત્વ ગમાવી દેવામાં આવે છે. તેના બદલે તે અંતરશત્રુઓને જીતવા પોતાની શકિતનો ઉપયોગ કરવામાં આવે તો ધર્મ-[illegible] પ્રાપ્તિ માટે જરૂરની યોગ્યતા સહેજે આવે. એટલે સમાજમાં જડ ઘાલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલા દોષો સહેજે ઘટે અને ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષાદિક સદ્ગુણો વૃદ્ધિ પામે.

**સુમતિ**—જીવો ધર્મનિમિત્ત ઘણા કષ્ટ સહન કરે છે, છતાં તે કેમ સુખ-શાન્તિ પામી શકતા નથી ? શું કરવાથી સુખ-શાન્તિ પામી શકાય ?

**સુશીલ**—ખરા ભાવ ( ઉત્સાહ ) વગર કરેલાં કષ્ટ સફળ થઇ શકતા નથી. ચિત્તની શુદ્ધિ વગર ખરો ભાવ-ઉત્સાહ પ્રગટતો નથી. ભય, દ્વેષ અને ખેદ પ્રમુખ દોષો દૂર કરવા પૂરતી કાળજી રાખ્યા વગર ચિત્તની શુદ્ધિ થઇ શકતી નથી. તેથી ઉક્ત દોષોને યથાર્થ સમજી શિઘ્ર દૂર કરવા યત્ન કરવું જોઇએ.

**સુમતિ**—એ દોષો કયારે અને શી રીતે દૂર થઇ શકે ?

**સુશીલ**—છેલ્લા પુદ્ગલપરાવર્તમાં તથાપ્રકારના પ્રયત્નવિશેષથી-કાળ-સ્થિતિ પાકવાથી-ભવપરિણતિના પરિપાકથી ઉક્ત દોષો ટળે છે, અને રૂડી વિવેક-દ્રષ્ટિ ખુલે છે, એટલે સાચા માર્ગે સંચરાય છે.

**સુમતિ**—રૂડી દ્રષ્ટિ ખુલ્યાથી શું થાય છે ?

**સુશીલ**—પાપ તાપથી દૂર રહેનારા સંત-સુસાધુ કહો કે સજ્જનોનો સમાગમ કરવો ગમે છે, મનની મલીનતા દૂર થાય છે અને પવિત્રતા વધે છે; એટલે વિચાર વાણી અને આચારની સહેજે શુદ્ધિ થવા પામે છે, અને વિષમતા ટળે છે.

**સુમતિ**—જેમનામાં ભય દ્વેષ અને ખેદ જેવા દોષો પ્રબળપણે વર્તતા હોય છે તેમને સંસારભ્રમણ કેટલું સમજવું ?

**સુશીલ**—જેનો અંત આવવોજ મુશ્કેલ એટલું બધું-અનંત.

**સુમતિ**—અતિ સંક્લિષ્ટ પરિણામવાળા સ્વપરહિત કરી શકે ખરા ?

**સુશીલ**—એ વાત અસંભવિતજ લાગે છે.

**સુમતિ**—તેમની ઉન્નતિ શી રીતે થઇ શકે ?

**સુશીલ**—અનંતાનુબંધી ક્રોધ-માન-માયા અને લોભ સાથે મિથ્યાત્વાદિક મોહનીયનો સત્સમાગમયોગે સદુપદેશવડે કે સ્થિતિપાકવડે સહેજે વિલય થાય ત્યારે સમ્યક્ત્વ ( યથાર્થ તત્ત્વશ્રદ્ધાનરૂપ ) નો ઉદય થવા પામે છે. પછી જેમ જેમ સદુપદેશ-સિંચનાદિકવડે કષાયની મંદતા થતી જાય તેમ તેમ હિંસાદિક પાપ-દોષનો ત્યાગ અને અહિંસાદિક વ્રત-નિયમોનો અંશથી કે સર્વથા સ્વીકાર કરાય છે. પછી વિરતિગુણ પ્રાપ્ત થાય છે. જેમ જેમ સાચા ધર્મ અને ધર્મીજનો પ્રત્યે અધિક પ્રેમ પ્રગટે છે, તેમ તેમ ઉન્નતિમાં સહેજે વધારો થવા પામે છે.

(સ.ક.વિ.)

-:-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિનચૈત્ય-પ્રતિમાદિક સંબંધે કંઈક.

૧ આજકાલ ઓછી થઈ ગયેલી અને ઓછી થતી જતી જૈનોની સંખ્યાના પ્રમાણમાં ઘણાં ચૈત્યો-દેરાસરો વિદ્યમાન છે. તેની યથાવિધિ સાર સંભાળ કરવાની ચીવટ પણ ઓછીજ જણાય છે. તેમ છતાં હજારો બલ્કે લાખો રૂપિયા લગાવીને નવાં ચૈત્યો કોઇ કોઈ સ્થળે તૈયાર થયાં કે થતાં સંભળાય છે. પૂર્વે લાખો કે કરોડો દ્રવ્ય ખર્ચી કંઇક જગ્યોએ ભવ્ય જિનમંદિરો ભાવિત ભાગ્યશાળી જનોએ-રાજા મહારાજા અમાત્ય કે શ્રેષ્ઠી પ્રમુખે બનાવેલા તેની દેખરેખ સરખી ભાગ્યેજ રાખી શકાય તેવે સમયે નવાં ચૈત્યો બહુધા દેખાદેખીથી તૈયાર કરાવવા કેમ પાલવે ? ભવિષ્યમાં તેની સારસંભાળ કોણ કેવી રીતે કરશે એ વિચાર ડહાપણથી કરી ખર્ચવા ધારેલી રકમનો ઉપયોગ જ્યાં જરૂરી જણાય ત્યાં જીર્ણોદ્ધાર કરવામાં કે એવાંજ અન્ય કોઇક શાસનશોભાકારી કામમાં થવા પામે તે સુસંગત ને વ્યાજબી લેખાય. જિનચૈત્ય-પ્રતિમા કેવા નિર્દોષ પાસે કરાવી શકાય? શાસ્ત્રોકત તેનો કેવો વિધિ છે? અને નવું ચૈત્ય કરાવવા કરતાં જર્જરી ગયેલ-જીર્ણ થયેલ દેરાસરનો વિવેકસર ઉદ્ધાર કરવામાં કેટલા ગણો વિશેષ લાભ દાખ્યો છે? એ વાત જાણવાના ખપી ભાઇ બ્હેનોએ શ્રીમદ્ હરિભદ્રસૂરિકૃત ષોડશકાદિક ગ્રંથો કાળજીથી વાંચવા સાંભળવા ને મનન કરવા યોગ્ય છે. તેમાં ન્યાયનીતિથી ધન કમાયેલ લોકપ્રિય અને રાજ્યમાન્ય ઉદાર દીલના દ્રઢ શ્રદ્ધાળુ શ્રેષ્ઠી પ્રમુખને ચૈત્યનિર્માણાદિક માટે યોગ્ય અધિકારી લેખ્યા છે. તેવા દરેક શુભ કાર્યના આરંભપ્રસંગે તે હૃદયની કોમળતાથી કેટલી બધી દયા-જયણા કે અનુકંપાનો આદર કરે છે તે હકીકત સહુ કોઈ ભવ્ય-જનોએ જરૂર લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. આજકાલ તેવા પ્રત્યેક કાર્યપ્રસંગે યથાર્થ વિધિનો આદર ઓછોજ કરાય છે અને બહુધા બાહ્ય આડંબર કરવા વધારે લક્ષ્ય રહે છે. આવાં પારમાર્થિક કામો તો કેવળ વિવેકદ્રષ્ટિથી યથાવિધિ કરવામાંજ ખરો લાભ રહેલો જાણી તેનો અવશ્ય ખપ કરવો ઘટે છે.

૨ ન્યાય-નીતિથી દ્રવ્ય કમાનાર કોઇ ભવ્યાત્માને આવો ભાવ પ્રગટે અને તે કમાણીનો ઉપયોગ સ્વપર આત્મઉન્નતિ થાય તેવાં અનેક સત્કાર્યોમાં કરીને ખરો આત્મસંતોષ મેળવે.

૩ શલ્ય રહિત સુંદર જગ્યામાં આસપાસ કશી ગંદકી કે અનિષ્ટ આશાતનાદિક ઉપદ્રવ ન થાય તેવી રીતે અગમચેતી વાપરી શુભ લગ્ને પૂર્ણ ઉત્સાહથી કેવળ આત્મકલ્યાણાર્થે સ્વશક્તિઅનુસારે આવાં પુણ્યકાર્ય આદરે અને ખંતથી ને ટેકથી તેને પૂરાં કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ પ્રભુપ્રતિમા તૈયાર કરાવતાં અને તે તૈયાર થતાંજ ભારે ઉત્સાહપૂર્વક કોઇ સુવિહિત સાધુ પાસે શુભ મુહૂર્ત લઇ તેની મહાપ્રતિષ્ઠાદિક ક્રિયા યથાવિધિ કરાવવા કેવી ઉદારતા દાખવવા તેમાં સૂચન છે તે વિચારવા અને તેવોજ ભાગ્યયોગ મળ્યો હોય તો તેનો પૂરો લાભ લેવા યોગ્ય છે.

૫ આગળ જતાં તે ચૈત્યાદિકનું સંરક્ષણ અને પ્રભુપૂજા ભક્તિમાં કશી ખામી આવવા ન પામે તેવો શુભ પ્રબંધ પ્રથમથીજ કરવો યોગ્ય છે.

૬ આવાં દરેક પુણ્યકાર્ય કરવાના પવિત્ર હેતુ પ્રમુખની ઠીક માહિતી મેળવવા સાથે તે સફળ કરવા કેટલું બધું લક્ષ્ય રાખવાની જરૂર છે?

૭ શક્તિ ઉપરાંત કામ કરવા જતાં તે પૂરાં થઇ શકતાં નથી—અધર લટકે છે, કરેલું ખર્ચ નકામું થઇ પડે છે, અને વિધિનો અનાદર કરવાથી ઉલટો ખેદ પ્રગટે છે, તેથીજ દીર્ઘદ્રષ્ટિ વાપરી યથાશકિત ને યથાવિધિ ધર્મકાર્ય કરી સંતોષ પકડવો. ઇતિશમ્. ( **સ. મુ. ક.** )

—:※-※:—

# દયા-જયણા યા અનુકંપા.

૧ સર્વ કોઇ જીવોને આત્મ સમાન લેખી તેમની સાથે પ્રસંગ મળતાં મૈત્રીભાવ સાથે દીલસોજી ભરેલું અનુકૂળ આચરણ કરનાર દયાળુ સદ્દભાગી જનોજ જયણા યા અનુકંપાનો લાભ મેળવી શકે છે. સુખશીલતા યા તુચ્છ સ્વાર્થવશ બની મન ઇચ્છિત મેળવવા મથનાર મંદભાગી જનો તેવા લાભથી વંચિત રહે છે. જેનામાં સહનશીલતા હોય છે તે પોતે વેઠી લે છે પણ અન્ય જીવોને કષ્ટ ઉપજાવતા નથી. જે કંઇ આચરણ આપણને પોતાનેજ પ્રતિકૂળતા ભર્યું અનુભવાય તેવું દુરાચરણ બીજા કોઇ પ્રત્યે કરવાનો આપણને શો અધિકાર હોઇ શકે? ક્ષણિક ને કલ્પિત તુચ્છ સુખ મેળવવા જતાં મુગ્ધ જનો સ્વાર્થ અંધ બની બીજા કઇક જીવોને ભારે હાનિ પહોંચાડે છે. તેનાં કડવાં ફળ તેમને સહુને ભવિષ્યમાં વેઠવાં પડે છે. જે સુજ્ઞ ભાઇ બ્હેનો મન અને ઇંદ્રિયોને લગામમાં રાખી સર્વત્ર ઉચિત આચરણજ આદરે છે તેમને ભવિષ્યમાં દુઃખી થવું પડતું નથી. સ્થૂલ કે સૂક્ષ્મ શરીરધારી સહુ કોઇને સુખ ને જીવિતવ્ય વહાલું લાગે છે. મરણના ભયથી જેઓ કંપતા હોય છે તેવા જીવોને મદ, વિષય, કષાયાદિક પ્રમાદવશ બની ક્ષણિક ને કલ્પિત તુચ્છ સુખ મેળવવા મદાંધતાથી જે હેરાન કરે છે, તેમને તેનાં કડવાં ફળ ગમે ત્યારે ને ગમે તે રીતે ભોગવવાં પડે છે, તે વાતની ખરી ખાત્રી દુનિયામાં અનેક સ્થળે નજરે પડતી વિષમતા ઉપર વિચાર કરવાથી આવી શકે છે. કઇક જીવો જન્મથી માંડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગીલાંને દીન દુઃખી દેખાય છે, ત્યારે કેઇક જીવો તદ્દન નિરોગી સુખી ને સદ્ભાગી હોય છે. બહારની બીજી બધી આકૃતિ પ્રમુખ એક સરખી છતાં તેમનામાં જણાવેલી વિષમતા હોવાનું ખાસ કારણ તેમની સારી નરસી કરણી-જ લેખવા યોગ્ય છે. 'દેવું એવું લેવું અને વાવવું એવું લણવું.' એ તો અટળ કુદરતી નિયમ છે. પોતાની નઠારી કરણીથી દુઃખી અવસ્થા થયા બાદ પણ જો તેનું કારણ સમજી ચેતી શકાય તો ભવિષ્ય સુધરી શકે છે. તેમજ પૂર્વની સારી કરણી યોગે સુખસંપત્તિ પામી તેનું મૂળ કારણ વિસરી જઇને મદાંધ થઇ તુચ્છ સ્વાર્થવશ અન્ય જીવોને સતાવવામાં આવે તો તેથી ભવિષ્ય જરૂર બગડવા પામે છે. આ બધું દીવા જેવું સ્પષ્ટ સમજાય એવું હોઇ સુખના અર્થી જનોએ મદાંધ બની સ્વાર્થવશ કોઇ જીવને સંતાપવા જોઇએ નહીંજ. કઇક મુગ્ધ જનો હાલતાં ચાલતાં, બેસતાં ઉઠતાં, ખાતાં પીતાં, બોલતાં કે સૂતાં દયા કે જયણાને વિસારી મૂકી પોતાનું ભવિષ્ય બગાડે છે. તેઓ ધારે તો તેવા દોષથી સહેજે બચી શકે. જે સહુનું હિત કરવા સાવધાન રહે છે, તેનું હિત સહેજે થાય છે. સહુ સંગાથે મૈત્રીભાવ રાખનાર પ્રત્યે દુશ્મનાઈ કોણ કરશે ? ક્યાં સુધી કરશે ? તે આપોઆપ ડરી જશે અને પોતાની ભૂલ સુધારી લેશે, ફરી વધારે સાવધાનતા રાખશે. શાણા સજ્જનોને પસ્તાવાનો વખતજ ન આવે એવું સર્વ કોઇ પ્રત્યે દયા ને દીલસોજી ભર્યું અનુકૂળ વર્તનજ આચરવાનું હોઇ તેમને બીજા મુગ્ધ જનોની જેમ ભવિષ્યમાં દુઃખી થવું નથી પડતું. સહુના હૃદયમાં કોમળતા વસો. ઇતિશમ્. ( સ. મુ. ક. )

# પ્રશ્નોત્તર.

( પ્રશ્નકાર–જૈનયાચક ગીરધરલાલ હેમચંદ. )

પ્રશ્ન ૧–તુલસીદાસે કહેલો નીચેનો દુહો મધ્યસ્થ ભાવના માટે જૈન દર્શનના શ્રદ્ધાળુએ માન્ય કરી શકાય ?

તુલસી આ સંસારમેં, સબસેં મિલિયે ધાય;
ના જાનું કિસ ભેખમેં, નારાયણ મિલ જાય. ૧

ઉત્તર–આ દુહો મધ્યસ્થ ભાવ સૂચક છે, તે સામાન્ય ઉપદેશમાં કહી શકાય, માની શકાય, પણ તેમાં મિથ્યા ભાવ હોવાથી તેની વિશેષ પ્રવૃત્તિ કરાય નહીં.

પ્રશ્ન ૨–ઉપદેશરત્નાકરના કર્ત્તા શ્રી મુનિસુંદરસૂરિજી તે ગ્રંથમાં વિનયના અધિકારમાં મતિજ્ઞાનનો વિનય કરવા જણાવે છે, તેથી વર્ત્તમાનમાં મતિજ્ઞાનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષયોપશમમાં જે વિશેષતા ધરાવનાર હોય તેનો વિનય કરવામાં કાંઇ બાધ છે?

ઉત્તર–મતિજ્ઞાનીનો વિનય અત્યારે પણ કરવો, પણ મતિઅજ્ઞાનીનો નહીં. મિથ્યાત્વયુક્ત મતિવાળા તે મતિઅજ્ઞાની છે.

પ્રશ્ન ૩–સારાં નિમિત્ત ને પુષ્ટ આલંબન પુન્ય વિના મળી શકે?

ઉત્તર–સારાં નિમિત્ત ને પુષ્ટ આલંબન પુન્યના યોગેજ પ્રાપ્ત થાય.

પ્રશ્ન ૪–પુન્યને હેય ગણી તેનાં કારણો સેવવાનું બંધ કરવું ઘટે?

ઉત્તર–પુન્યને હેય ગણવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે હેય ગણાય. અત્યારે તો તેને ઉપાદેય ગણી તે ઉત્પન્ન કરવાના પ્રશસ્ત નિમિત્તો જેમ બને તેમ વધારે સેવવા તે યોગ્ય છે, બંધ કરવાના હોયજ નહિ.

પ્રશ્ન ૫–જિનપૂજાદિ ભાવદયાને પ્રસંગે થતી દ્રવ્યહિંસાનો પશ્ચાત્તાપ કરવો ઘટે? યોગ્ય ગણાય?

ઉત્તર–ભાવદયાના પ્રસંગોમાં થતી સ્વરૂપહિંસાનો પશ્ચાત્તાપ ન ઘટે. બાકી તે પ્રસંગોમાં જેમ બને તેમ યતના ને વિવેક વધારે વાપરવા જોઇએ. કદી પ્રમાદયોગે અયતના થઇ જાય તો તેનો પશ્ચાત્તાપ કરવો ઘટે.

પ્રશ્ન ૬–દ્રવ્યદયા–બીલાડી પાસેથી ઉંદરને છોડાવવો વિગેરે તે અવસરે ભાવદયાનો–સામાયિક લેવા વિગેરેનો પ્રયત્ન પ્રશસ્ત ગણી શકાય?

ઉત્તર–દ્રવ્યદયા પાળવાને અવસરે તો તેનીજ મુખ્યતા સમજી દ્રવ્યદયા પાળવી–હિંસા અટકાવવી. સામાયિકમાં પણ એવી દયા તો પાળવી પડે છે, તેને માટે એકાંત નથી. અવસર ઓળખવો જોઇએ.

પ્રશ્ન ૭–આત્માના દ્રવ્ય ગુણ પર્યાય ચિંતવવાનું જ્ઞાન શેનો અભ્યાસ કરવાથી સારી રીતે થઇ શકે?

ઉત્તર–આત્માના દ્રવ્ય ગુણ પર્યાયનું જ્ઞાન તત્ત્વાર્થાધિગમાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી સારી રીતે થઇ શકે.

પ્રશ્ન ૮–જસવિલાસના સાતમા પદની ચોથી ગાથા આ પ્રમાણે છેઃ–

પૂર્વ પુન્યધન સબહી ગ્રસતુ હૈ, રહત ન મૂલ બટાઉમેં;
તામેં તુજ કૈસેં બની આવે, નયવ્યવહારકે દાવમેં. જીઉ લાગી રહ્યો પરભાવમેં.
સહજ સ્વભાવ લખે નહીં અપનો, પરિયો મોહજંજાળમેં. જી૦

આ ગાથાનો અર્થ લખશો.

ઉત્તર–આ ગાથાનો અર્થ પૂર્વાપર સંબંધ ધ્યાનમાં રાખવાથી બેસે તેમ છે. એ ગાથામાં એવી મતલબ છે કે–આ પ્રાણી મોહજંજાળમાં પડ્યો સતો પોતાનો સહજ સ્વભાવ વિચારી શકતો નથી અને વ્યવહાર નયના દાવમાં પડ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહીને પૂર્વ ભવનું લાવેલું પુણ્યરૂપી ધન તમામ ખર્ચી નાખે છે; મૂળ ધન પણ વટાવ તરીકે રહેતું નથી; તો પછી તેવી રીતે વર્તવાથી તારૂં શ્રેય શું બની શકશે ? જ્યારે તું વ્યવહારને છોડી નિશ્ચય નય તરફ દૃષ્ટિ કરી તારા સહજ સ્વરૂપને ઓળખીશ અને તે પ્રગટ કરવા પ્રયાસ કરીશ ત્યારે તારી કાર્યસિદ્ધિ થશે. આવો તાત્પર્યાર્થ છે.

પ્રશ્ન–૯ જૈન સિદ્ધાંતકાર બંને નય (વ્યવહાર ને નિશ્ચય) સરખા માને છે તેનું તાત્પર્ય શું છે ?

ઉત્તર–જૈન સિદ્ધાંતકાર બંને નય સરખા માને છે, તેમ ન્યૂનાધિક પણ માને છે. વ્યવહારને અવસરે વ્યવહાર નયની અને નિશ્ચયને અવસરે નિશ્ચય નયની પ્રાધાન્યતા ઠરાવેલી છે અને એ પ્રમાણે વર્તવાથીજ શિવસુખ મેળવી શકાય છે. આમાં અપેક્ષાઓ બહુ સમજવાની છે તે અહીં ટુંકાણમાં સમજાવી શકાય તેમ નથી.

પ્રશ્ન-૧૦–સાક્ષાત્ પરમગુરૂની ઓળખાણ પણ યોગદૃષ્ટિવાનજ કરી શકે એમ જણાય છે, નહીં તો પ્રભુ મહાવીરના પરિચયમાં કાળસૌકરિક, ગોશાળક, જમાળી વિગેરે આવ્યા છતાં પણ તેનામાં કેમ કાંઈ ફેરફાર થયો નહીં ? સદ્ગુરૂ આદિ પ્રત્યક્ષ પુષ્ટાલંબનનું માહાત્મ્ય પણ તેને કેમ કાંઇ અસર કરી શક્યું નહીં ?

ઉત્તર–સદ્ગુરૂ આદિ પુષ્ટાલંબનથી પણ જીવની યોગ્યતા હોય તોજ ઉપકાર થઇ શકે છે. ગમે તેવો પ્રવીણ કારીગર પણ શાણીયા ડુંગરના પથ્થર ઉપર આરસ જેવી કારીગરી કરી શકે નહીં; પણ તેમાં કારીગરનો દોષ નથી, પથ્થરનો દોષ છે. તે પ્રમાણે આમાં પણ સમજવું. તેથી પ્રથમ યોગ્યતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો.

પ્રશ્ન–૧૧ ભવિતવ્યતા જેવા જોગ મેળવી આપે તેને અનુસારે પ્રયત્ન કરી શકાય કે બીજી રીતે બની શકે ? બની શકે તો શી રીતે ?

ઉત્તર–ભવિતવ્યતા હોય એમજ બને એ ખરી વાત છે, પણ તે છેવટની છે. આપણે તો તેનાથી અજાણ્યા છીએ, તેથી ઉદ્યમને પ્રાધાન્યતા આપી સદ્ઉદ્યમવડેજ કાર્યસિદ્ધિ માનવાની છે. જો કે એ સદુદ્યમ પણ ભવિતવ્યતા અનુકૂળ હોય તોજ બની શકે છે; પ્રતિકૂળ હોય તો ઉન્માર્ગે ગમન કરવાની બુદ્ધિ થાય છે, પણ આપણે તે વાત પર લક્ષ્ય ન આપતાં **उद्यमेन ही सिध्यंति, कार्याणि न मनोरथैः** એ ધ્યાનમાં રાખવું.

પ્રશ્ન–૧૨ ક્યાં જઇએ તો કાર્ય સિદ્ધ કરી શકીએ તેનો નિર્ણય થઇ શકે?

ઉત્તર–દરેક કાર્યસિદ્ધિ માટે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ નિમિત થયેલા હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જાણવા માટે બહુશ્રુતપણાની જરૂર છે. આપણે તો આપણી અલ્પ બુદ્ધિ પ્રમાણે કાર્યને અનુકૂળ સ્થાન મેળવવું જોઇએ.

પ્રશ્ન-૧૩ કાર્યસિદ્ધિ થાય તેવા સ્થાને જવાની હિમ્મત, બળ, પરાક્રમ, ધૈર્યાદિ જોઇએ તે શી રીતે પ્રાપ્ત થઇ શકે ?

ઉત્તર-તેને માટે સદ્ગુરૂ ને સત્શાસ્ત્રનો પરિચય કરવો-તેથી કાર્યસિદ્ધિને અનુકૂળ હિમ્મત વિગેરે પ્રાપ્ત થઇ શકશે.

પ્રશ્ન-૧૪ બાહ્ય ક્રિયા ને અંતર ક્રિયા વિનાનિમિત્તે થઇ શકે ?

ઉત્તર-બાહ્ય ક્રિયા ને અંતર ક્રિયામાં નિમિત્ત તો જોઇએ, પણ સારાં જોઇએ, તેથી સારાં નિમિત્તો મેળવવા અહર્નિશ પ્રયત્ન કરવો.

પ્રશ્ન-૧૫ ઉંદરના પુરૂષાર્થનું દૃષ્ટાંત આત્મહિતાર્થીને લાગુ ન પડે ?

ઉત્તર-ઉંદરના પુરૂષાર્થનું દૃષ્ટાંત આત્મહિતાર્થીને લાગુ પડે. ઉંદરમાં તો અજ્ઞાનપણું છે તેથી ઉદ્યમ કરીને તે ઉલટી હાનિ મેળવે છે; આત્મહિતાર્થી તો દીર્ઘ દર્શી-પરિણામદર્શી-જ્ઞાની હોય છે, તેથી તેનો ઉદ્યમ તો શ્રેષ્ઠ ફળજ મેળવે એ નિઃસંશય હકીકત છે.

પ્રશ્ન-૧૬-નિમિત્ત સારાં પુન્ય વિના મળી શકે ?

ઉત્તર-સારાં નિમિત્ત પુન્ય વિના મળી ન શકે. તે મેળવવામાં અને પછી તે નિમિત્ત સેવવામાં બંનેમાં પુન્યનો યોગ જોઇએ.

## પ્રશ્નો. (૨)

૧ દેરાસર નીચે ઉપાશ્રય હોય છે ત્યાં સામાયિક પ્રતિક્રમણમાં સઝાય બોલાય છે ને દેરાસરમાં બોલાતી નથી તેનું શું કારણ ?

૨ પ્રતિક્રમણ કે સામાયિક વખતે દીવો ન રાખવાનું શું કારણ ?

૩ શ્રાવકને સિદ્ધાંત વાંચવાનો અધિકાર નથી તો પછી તેને છપાવનાર તેમજ છાપનાર તો વાંચે તેનું કેમ ? તેથી આજ્ઞા ભંગ થાય કે નહિ ?

## પ્રશ્નોના ઉત્તરો.

૧ દેરાસરમાં તો પરમાત્માની સ્તુતિ, તેમના ગુણાનુવાદ, પ્રાર્થના અને આત્મનિંદા જેમાં હોય એવા સ્તવન ચૈત્યવંદનાદિ બોલી શકાય. સઝાયોમાં મુનિઓ અથવા સતીઓને થયેલા ઉપસર્ગો વિગેરેની અથવા વૈરાગ્યની હકીકત હોય છે તેથી તે દેરાસરમાં બોલવા યોગ્ય નથી. રંગમંડપની બહારના ભાગમાં બેસીને કેટલેક સ્થાને રાત્રીએ સઝાયો બોલાય છે તેનો નિષેધ નથી.

૨ પ્રતિક્રમણ કે સામાયિકમાં દીવો રાખવાથી તેની ઉજેહી આપણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પડે છે અને તેથી તેમાં રહેલ તેઉકાય જીવોની વિરાધના થાય છે, તેથી તેનો નિષેધ કરેલો છે.

૩ છાપનાર નોકરો સૂત્રાદિ વાંચે છે, સુધારે છે, તે બાબત જુદીજ છે. શ્રાવકને વાંચવા તે તેમાં કહેલો ભાવ સમજવા માટે છે, તે ગુરૂ પાસેથીજ સમજવા યોગ્ય છે. માટે શ્રાવકને સ્વતંત્ર વાંચવાનો નિષેધ છે. છાપનારાઓ કાંઇ સમજવા માટે વાંચતા નથી, તે તો અક્ષર ફેરફાર ન થવા માટે વાંચે છે, તેનો નિષેધ નથી. બાકી છપાવવાની પ્રવૃત્તિ આધુનિક હોવાથી તે બાબત શાસ્ત્રમાં વિવેચન કરેલ નથી.

## પ્રશ્નો–(૩)

પ્રશ્ન–૧ બદરીકેદાર આપણું જૈનતીર્થ હતું અને હાલ વૈષ્ણવતીર્થ થઇ પડ્યું છે. મૂર્ત્તિ તો આપણીજ છે તો પછી આપણે એ તીર્થની યાત્રા કરી શકીએ કે કેમ ? કરવાથી ફળ થાય કે કેમ ? અને આપણે જઇએ તો અન્ય દર્શનની તીર્થયાત્રાનો અતિચાર લાગે કે કેમ ?

પ્રશ્ન–૨ શ્રી કુંવરવિજયજી કૃત અષ્ટ પ્રકારી પૂજામાં પહેલી ધુપપૂજા અને પછી પુષ્પપૂજા છે. અને શ્રી વીરવિજયજી કૃત પૂજામાં પહેલી પુષ્પ-પૂજા છે તો તે ભૂલ છાપનારની થઇ હશે કે કેમ ?

પ્રશ્ન–૩ શ્રી દેવવિજયજી કૃત અષ્ટ પ્રકારીપૂજામાં પહેલી ફળપૂજા ને પછી નૈવેદ્ય પૂજા છે અને શ્રી વીરવિજયજી કૃત અષ્ટ પ્રકારી પૂજામાં પહેલી નૈવેદ્ય પૂજા અને પછી ફળ પૂજા છે, તેનું શું કારણ? એમાં પહેલી કઇ પૂજા કરવી?

પ્રશ્ન–૪ અષ્ટ પ્રકારી પૂજામાં અક્ષત પૂજા વખતે અક્ષતની ત્રણ ઢગલી અને સ્વસ્તિક કાઢે છે, તો સિદ્ધશિલા ન કાઢવાનું શું કારણ ?

પ્રશ્ન–૫ નવપદજીની પૂજામાં કેટલાક મંડળ કાઢીને પૂજા ભણાવે છે અને કેટલાક મંડળ કાઢ્યા વિના નવ સ્વસ્તિક પાટલા ઉપર કાઢી નવ રકેબીમાં નવ નાલીએર વિગેરે રાખી પૂજા ભણાવે છે, તો તેમ કરવામાં કંઇ બાધ છે કે નહિ ?

પ્રશ્ન–૬ પૂજા ભણાવવામાં કેટલાક ફળ ચાવલ ધોઇને વાપરે છે, ને કેટ-લાક એમ ને એમ વાપરે છે તો ફળ ચાવલ ધોવા કે કેમ ?

પ્રશ્ન–૭ આપણી શ્વેતાંબરી જૈન મૂર્ત્તિ હોય ને દિગંબરીઓના તાબામાં જવાથી પૂજા તેઓ કરતા હોય, ચક્ષુ તે લોકોએ કાઢી લીધાં હોય તો આપણે તેની પૂજા કરી શકીએ કે નહિ ? અને ખાસ દિગંબરી મૂર્ત્તિની પૂજા આપણે કરી શકીએ કે કેમ ?

પ્રશ્ન–૮ દેવદ્રવ્ય ખાવાવાળો સાતમી નરકે જાય છે તો પૂજારી વિગેરે ખાય તેનું શું થાય ?

જીવનલાલ રામચંદ્ર શાહ.
કસ્ટમ ઓફીસર—બનેડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઉપરના પ્રશ્નોના ઉત્તરો.

૧ બદ્રીકેદાર જે હાલ અન્યમતિનું તીર્થ છે તેની યાત્રા કરવા જવું યોગ્ય નથી. એથી જૈનતીર્થની યાત્રાનો લાભ મળી શકે નહીં. અન્ય તીર્થીએ ગ્રહણ કરેલા અરિહંતના ચૈત્યને નમસ્કારાદિ કરવાનો શાસ્ત્રમાં નિષેધ કરેલો છે. આનંદ શ્રાવકને સમકિત ઉચ્ચરાવવાનો પાઠ શ્રી ઉપાસગ દશાંગ સૂત્રમાં છે તેમાં એવો પાઠ પ્રગટ છે.

૨ કુંવરવિજયજી કૃત અષ્ટ પ્રકારી પૂજા શેમાં છપાયેલ છે ? અમારા જોવામાં આવી નથી. બાકી ત્રણ અંગ પૂજા કર્યા પછીજ પાંચે અગ્ર પૂજા કરવાની હોવાથી પુષ્પપૂજા કર્યા પછીજ ધુપપૂજા કરવી યોગ્ય છે.

૩ ફળ પૂજા પહેલી અને નૈવેદ્ય પૂજા પછી અથવા નૈવેદ્ય પૂજા પહેલી અને ફળ પૂજા પછી એ બંને પ્રકાર છે. એ બંને પ્રકારમાં કોઇ બાધાકારક નથી. એમાંથી જે પ્રકારે કરો તે પ્રકારે યોગ્ય છે.

૪ અષ્ટ પ્રકારી પૂજામાં અક્ષત પૂજા વખતે સ્વસ્તિક ને ત્રણ ઢગલી કરે તો સિદ્ધશિલાની આકૃતિ પણ કરાય અથવા એકલો સ્વસ્તિકજ કરે એમાં કાંઇ બાધક નથી.

૫ નવપદજીની પૂજા ભણાવતાં મંડળ પૂરવા તે ઉત્તમ છે. તેવી જોગવાઇ ન બની શકે તો પછી પાટલા ઉપર સ્વસ્તિક કરી શ્રીફળ વિગેરે ચઢાવે એમાં કાંઇ બાધક નથી.

૬ પૂજા ભણાવવામાં ફળ તો ધોઇને વાપરવા તે યોગ્ય છે. ચાવળ ધોવાની જરૂર નથી.

૭ શ્વેતાંબરીની મૂર્ત્તિ દિગંબરીએ ગ્રહણ કરી હોય ને ચક્ષુ ઉતારી નાખ્યા હોય તો પછી આપણે ( શ્વેતાંબરી ) તે પ્રતિમાની પૂજા ભક્તિ કરી ન શકીએ; પણ જ્યાં વિરોધના કારણથી તેવું બન્યું હોય, માલેકીનો વાંધો હોય અને પ્રતિમા પ્રભાવિક હોય ત્યાં આવો નિર્ણય ચાલી શકતો નથી. ખાસ દિગંબરીની મૂર્ત્તિની પૂજા તો આપણાથી નજ કરાય.

૮ દેવદ્રવ્ય અનીતિએ ખાઇ જાય તે દુર્ગતિએ જાય; સાતમી નરકેજ જાય એવો નિરધાર નથી; અને નોકરી કરીને દેવદ્રવ્યમાંથી પગાર લેનાર તે પંક્તિમાં ગણાતા નથી. તેને માટે દુર્ગતિગમન કહેલ નથી.

તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ઠ ૧૨૮થી )

બે સ્ત્રીના ભર્ત્તારને કેટલીક વખત ભુખ્યા તરસ્યા રહેવું પડે છે, એક બીજી વાદમાં રાંધતી પણ નથી, પાણી પીવા માગે તો આપતી પણ નથી, પગ ધોવા પાણી મળતું નથી. પહેલી કહેશે કે બીજી આપે ને બીજી કહેશે કે પહેલી આપે, તેમાં ઘણી હેરાન થાય છે. વૈરની પણ વૃદ્ધિ થાય છે. કર્ત્તા કહે છે કે–"બે સ્ત્રીના સંસર્ગમાં રહેવા કરતાં દેશાંતર જવું સારૂં, ભાખશી (અગ્નિ)માં પડવું સારૂં અને છેવટે નરકે જવું સારૂં, પણ બે સ્ત્રી સાથે રહેવું સારૂં નહીં. તેના સંસર્ગમાં રહેવાથી પારાવાર દુઃખ ને કર્મબંધ થાય છે."

કદાચિત્ પુત્રાદિકની લાલસાથી કે કોઇ પણ તેવા કારણથી બીજી સ્ત્રી કરવી પડે તો પછી બંને ઉપર સરખો રાગ રાખવો, પહેલીને કાઢી મૂકવી કે જુદી કરવી તો શેનીજ હોય પણ તેનો વારો પણ લોપવો નહીં. ભોજન પણ સરખું આપવું. કદી બેમાંથી કોઇનો વાંક આવે તો તેને માટે શીખામણ દેવી પણ પાછી તરત મનાવી લેવી; કેમકે કદાપિ ક્રોધે ચડી જાય તો સ્ત્રીજાતિને કૂવે પડતાં પણ વાર લાગતી નથી. એવા બહુ દાખલા જોયા સાંભળ્યા છે. માટે એ બાબતમાં બહુ વિચારીને બોલવાનું રાખવું.

નીતિશાસ્ત્રમાં એક વાત કરી છે કે–"ચાર મોટા પંડિતો હતા. તેમાંથી એકે સવાલાખ શ્લોકનું વર્મશાસ્ત્ર રચ્યું. એકે નીતિશાસ્ત્ર રચ્યું. એકે વૈદ્યકશાસ્ત્ર રચ્યું અને એકે શૃંગારશાસ્ત્ર ( કામશાસ્ત્ર ) રચ્યું. પછી તેઓ કોઇ રાજા પાસે ગયા અને પોતાના શાસ્ત્રો સાંભળવા વિનંતિ કરી. ત્યારે રાજાએ કહ્યું કે–"તમે કહો છો તેટલા પ્રમાણવાળા શાસ્ત્રો સાંભળવાનો તો અમને અવકાશ નથી. પણ જો તમે તમારા ચારેના શાસ્ત્રોનો સાર એકેક પદમાં લાવી એક શ્લોક કહો તો તે સાંભળવાનું બની શકે તેમ છે. તે પદમાં તમારૂં નામ પણ લાવજો." રાજાની આ પ્રમાણે આજ્ઞા થતાં ચારે પંડિતોએ એક શ્લોક બનાવ્યો.

बृहस्पतिरविश्वासः, पांचालः स्त्रीषु मार्दवम् ।
अजीर्णे भोजनत्यागः, कपिलः प्राणिनां दया ॥ १ ॥

નીતિશાસ્ત્રકાર બૃહસ્પતિ નામનો પંડિત કહે છે કે–" આખા નીતિશાસ્ત્રનો સાર એ છે કે–કોઇનો વિશ્વાસ ન કરવો. નજરે જોવાય, પૂરાવાથી સાબીત

* जीर्णे भोजनमात्रेय–એવો પણ પાઠ છે. એનો અર્થ આત્રેય પંડિત કહે છે કે–પ્રથમનું ખાધેલું જીર્ણ થયા પછી–પચ્યા પછી બીજું ખાવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાર તેનેજ સત્ય માનવું.' શૃંગાર (કામ) શાસ્ત્રકાર **પાંચાળ** નામનો પંડિત કહે છે કે-' કામશાસ્ત્રનો સાર એ છે કે-સ્ત્રી પાસે સુકુમાળ થવું-કર્કશ ન થવું, તો ઘર સારી રીતે ચાલે અને ક્લેશ કંકાસ ન થાય.' વૈદ્યકશાસ્ત્રકાર **આત્રેય** પંડિત કહે છે કે -'અમારા વૈદ્યકશાસ્ત્રનો સાર એ છે કે-અજીર્ણ હોય ત્યારે પહેલું ખાધેલું પચ્યું ન હોય ત્યાંસુધી ભોજનનો ત્યાગ કરવો-ખાવું **નહીં**. એવી રીતે વર્તે તેને વ્યાધિ થાય નહીં અને ઔષધ ખાવું પડે નહીં.' ચોથો ધર્મશાસ્ત્રકાર **કપિલ** નામનો પંડિત કહે છે કે-'અમારા ધર્મશાસ્ત્રનો સાર એ છે કે-પ્રાણી માત્ર ઉપર દયા કરવી.' સર્વ ધર્મનો સાર દયામાં આવી જાય છે. બધા ધર્મના પ્રકાર દયાના સંરક્ષણ માટેજ છે. સર્વથા દયા પાળવાનું ચાહનાર કોઇ પ્રકારનો અધર્મ કરીજ શકતો નથી.

આની અંદરથી આપણે પ્રસ્તુત તો હકીકત કામશાસ્ત્રનો સાર ગ્રહણ કરવાને લગતી છે. તેનો સાર સ્ત્રી સાથે કોમળતાથી વર્તવાનો છે; કેમકે ઘર તો ઘરણી (સ્ત્રી)થીજ શોભે છે, એમાં પુરૂષ કામ આવતો નથી. જો સ્ત્રી સાથે કલેશ કરીને પુરૂષ પોતે હાથે જમવાનો થાળ કે રાંધવાની તોલડી ધોવા બેસશે તો તે સારૂં લાગશે નહિ અને સૌ હાંસી કરશે; માટે જેમ વર્તવાથી ઘરમાં કલેશ કંકાસ બીલકુલ ન થાય તેમ વર્તવું કે જેથી સર્વ પ્રકારની ઋદ્ધિમાં વૃદ્ધિ થાય અને આબરૂ ઇજ્જત બની બની રહે.

પુરૂષ સારો બુદ્ધિશાળી હોય તેણે સ્ત્રી સાથે બહુ વિચારો કરવા નહિ. તેની સાથે તો કામ પૂરતીજ વાત કરવી. જે ઘરમાં પુરૂષનું કામ સ્ત્રી કરેછે તે ઘર વિનાશ પામે છે. આ પ્રસંગ ઉપર એક દ્રષ્ટાંત છે.

"ધારાનગરી કે જ્યાં અન્યાય તો નામ માત્ર થતો નહોતો, ત્યાં ભોજરાજા રાજ્ય કરતા હતા. તે નગરીમાં એક સાત ભૂમિવાળો આવાસ હતો તેની અંદર કોઇક ભૂતે વાસો કરેલો હતો. તે ઘરમાં જે રહેવા આવે તેને વ્યંતર કહેતો કે-' મારા ચાર પ્રશ્નોનો જે ઉત્તર આપે તે આ ઘરમાં રહે. એટલે તેના ચાર પ્રશ્નોનો ઉત્તર ન આપી શકવાથી તે ઘરમાં કોઇ રહી શકતું નહોતું. અન્યદા તે નગરીમાં રહેવા એક શારદા કુટુંબ આવ્યું. આ કુટુંબમાં માતા, પિતા, પુત્ર પુત્રી, પુત્રવધુ ને સેવક સુધાં વિદ્વાન હતા. તેમણે નગર બહાર રહીને ભોજરાજાને કહેવરાવ્યું કે-' આપની આજ્ઞા હોય તો અમે આ નગરીમાં રહેવા આવીએ.' એટલે રાજાએ દુધથી ભરેલું કચોળું મોકલ્યું. તે ઉપરથી એમ સૂચવ્યું કે-'જેમ આ કચોળું દુધથી ભરપૂર છે તેમ ધારાનગરી મનુષ્યોથી ભરપૂર છે. આ કચોળામાં જેમ જરા પણ જગ્યા ખાલી નથી તેમ આ નગરીમાં પણ કાંઈ મકાન કે જગ્યા ખાલી નથી તો તમે ક્યાં રહેશો ?' આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના જવાબમાં તે દુધના ભરેલા કચોળામાં ખાંડનાં પતાસાં નાંખી તે કચોળું પાછું મોકલ્યું અને એમ સૂચવ્યું કે 'જેમ આ દુધમાં ખાંડ સમાઈ ગઈ એમ અમે નગરીમાં સમાઈ જશું ' એની સાથે વિશેષમાં કહેવરાવ્યું કે--

"ધારાનગરી બધી માણસોથી ભરેલી છે તેથી તેમાં જગ્યા નથી એમ કહેવરાવો છો, પણ ભોજરાજા જેવા વિદ્વાન પણ ચૂકે છે. તેના ધ્યાનમાં એ વાત આવતી નથી કે સર્વ મનુષ્ય સરખા હોતા નથી. મનુષ્ય મનુષ્યમાં કર્મે કરેલો પારાવાર અંતર હોય છે. પથ્થર પથ્થરમાં પણ અંતર હોય છે. એક પથ્થર [1] નિરંતર કેશરચંદનથી પૂજાય છે, તેનાથી ભરપૂર રહેછે, અને એક પથ્થર ઉપર સૌ પગ મૂકે છે, એટલુંજ નહીં પણ જો તેની ઠેશ વાગે તો તેની ઉપર કપાય પણ થઈ જાય છે. હાથી હાથીમાં પણ અંતર હોય છે. એકની ઉપર ગધેડાની જેમ ભાર લાદવામાં આવે છે અને એકની ઉપર સોનાની ઘુઘરીઓવાળી કશબી ઝુલ નાખવામાં આવે છે અને આરતી ઉતારાય છે, ફુલ ચઢાવાય છે. શ્વાન શ્વાનમાં અંતર હોય છે. એક શ્વાન ઘરમાં પેસતાં લાકડી ખાય છે અને એક તેના ધણી સાથે પાલખીમાં કે ઘોડાગાડીમાં બેસે છે, ગાદી પર પણ બેસે છે. પક્ષી પક્ષીમાં પણ અંતર હોય છે. કાગડો બોલે છે ત્યારે તેને કાંકરો મારી ઉડાડાય છે અને કોયલ બોલે છે ત્યારે તે પૂજાય છે. એ તેનાં વચનમાત્રનો મહિમા છે. મનુષ્ય મનુષ્યમાં પણ અંતર હોય છે. એક રત્નાદિકના આભૂષણોથી અલંકૃત રહે છે અને એકના હાથમાં લોઢાની વીંટી પણ હોતી નથી. એકને સૌ પાસે બેસાડે છે અને એકનાથી સૌ છેટા રહે છે. એક રેશમી – હીરાગળ વસ્ત્રોનેજ નિત્ય પહેરે છે અને એકને પહેરવા ફાટેલ ધોતીઉં પણ હોતું નથી. એકને રાજસભામાં આગ્રહથી બોલાવાય છે અને એકને ધક્કા મારીને બહાર કાઢવામાં આવે છે. એક અજાણ્યા સ્થાનમાં પણ સન્માન પામે છે અને એક જાણીતા સ્થાનમાં પણ સમાતો નથી – કોઈ રહેવા દેતું નથી. આ પ્રમાણે સર્વ જીવોમાં મોટું અંતર હોય છે તે ભોજરાજા કેમ સમજી શકતા નથી ? "

આ પ્રમાણેની કહેવરાવેલી તમામ હકીકત રાજાના માણસે ભોજરાજાને કહી અને દુધનું કચોળું પતાસા નાખેલું આગળ ધર્યું; એટલે ભોજરાજાએ શારદાકુટુંબને ધારાનગરીમાં રહેવાનો આદેશ આપ્યો. તે કુટુંબે પણ નગરમાં પ્રવેશ કર્યો. ભોજરાજાએ કહ્યું કે---'તમને જ્યાં સ્થાન મળે ત્યાં ખુશીથી નિવાસ કરો.' શારદાકુટુંબ નગરમાં મકાન જોવા માટે ફરવા લાગ્યું. તેવામાં તેને એક બાળિકા મળી. શારદા કુટુંબે તેને પૂછ્યું કે--'હે બહેન! તું કોની દીકરી છું ? ' એટલે તે બોલી કે--

૧ જેની બનાવેલી પ્રતિમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पर्वताग्रे रथो याति, भूमौ तिष्ठति सारथिः ।
चलति वायुवेगेन, तस्याहं कुलबालिका ॥ १ ॥

'પર્વત ઉપર રથ ચાલે છે ને સારથી જમીન ઉપર રહ્યો રહ્યો ચલાવે છે. રથ વાયુવેગે ચાલે છે, તે સારથીની હું પુત્રી છું.' એટલે વિદ્વાનો સમજી ગયા કે–'આ પ્રજાપતિ (કુંભાર) ની પુત્રી જણાય છે.' કુંભારનું ચક્ર અમુક પદાર્થ ઉપર ઉંચું રાખેલું ચાલે છે, કુંભાર જમીન ઉપર ઉભો રહે છે, ચક્ર વાયુવેગે ફરે છે, તેની એ પુત્રી છે.

આગળ ચાલતાં બીજી એક બાળિકા મળી. તેને પૂછતાં તે બોલી કે–

अजीवा यत्र जीवंति,निःश्वसंति मृता अपि ।
कुटुंबकलहो यत्र, तस्याहं कुलबालिका ॥ २ ॥

'જ્યાં જીવ વિનાના પણ જીવે છે અને મૃત્યુ પામ્યા છતાં પણ શ્વાસ લે છે, તેમજ જ્યાં કુટુંબકળહ પ્રવર્ત્યા કરે છે તેની હું પુત્રી છું.' એ લુહારની પુત્રી છે એમ શારદા કુટુંબ સમજી ગયું. તે છોડીએ જીવ વિનાના જીવે છે ને શ્વાસ લે છે એમ કહ્યું તે લુહારની ધમણને માટે કહ્યું અને કુટુંબકળહ તો લોઢા લોઢાને માટે કહ્યો–લોઢું તપે ને લોઢા ઉપર લોઢાના પ્રહાર પડે એ કુટુંબકળહ જાણવો.

આગળ ચાલતાં વળી એક બાળિકા મળી. તેને પૂછતાં તે બોલી કે–

शिरोहीना नरा यत्र, द्विबाहुकरवर्जिताः ।
जीवंतं नरं भक्षंति, तस्याहं कुलबालिका ॥ ३ ॥

'જ્યાં મનુષ્યો માથા વિનાના હોય છે, બે બાહુ હોય છે પણ અંદર કર (હાથ) હોતા નથી અને જીવતા નરને જે ગળી જાય છે તેની હું પુત્રી છું.' આ ઉત્તરથી તેને દરજીની પુત્રી જાણી. દરજી અંગરખા કે કોટ બનાવે છે તેમાં મસ્તક હોતું નથી–બે બાંહ્યો હોય છે પણ અંદર હાથ હોતા નથી અને જીવતા માણસો પહેરે છે એટલે તેને કોટ ગળી જાય છે એમ સમજવું.

આગળ ચાલતાં ચોથી બાળા મળી તેને પૂછતાં તે બોલી કે–

जलमध्ये दीयते दानं, प्रतिग्राही न जीवति ।
दातारो नरकं यांति, तस्याहं कुलबालिका ॥ ४ ॥

'પાણીમાં જે દાન દે છે, તેના લેનારા–ખાનારા જીવતાં નથી અને દાન દેનાર દાતાર નરકે જાય છે. તેની હું પુત્રી છું.' આને માછીમારની પુત્રી જાણી; કારણ કે માછીલોકો પાણીમાં લોઢાના કાંટા સાથે લોટ વિગેરેની ગોળી ભરાવી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને પાણીમાં મૂકે છે, તેને ખાવા જનાર મચ્છ તે કાંટામાં ભરાઇ જવાથી મરણ પામે છે અને એવું પાપ કરનાર માછીમાર નરકે જાય છે. એ ભાવાર્થ સમજવો.

આવી રીતે જ્યાં કુંભાર, લુહાર, દરજી ને માછીમારની પુત્રીઓ પણ વિદ્વાન હતી એવા શહેરમાં ફરતાં ફરતાં તેઓ પેલા વ્યંતરવાળા ઘર પાસે આવ્યા અને તે ઘર ખાલી જોઇને તેમાં રહેવાનો વિચાર કરી અંદર પેઠા, એટલે અંદર રહેલો વ્યંતર બોલ્યો કે-' પ્રથમ મારા ચાર સવાલના જવાબ આપો, પછી અહીં રહો; નહિ તો ચાલ્યા જાઓ.' આવેલ કુટુંબના મુખ્ય પુરૂષે કહ્યું કે-'કહો, તમારા ચાર સવાલ શું છે ?' વ્યંતર બોલ્યો-'જે સહુની પાસે હોય છે તે શું ?'

શાસ્ત્રીકુટુંબ-'સુમતિ ને કુમતિ-એ સૌની પાસે છે. સુમતિ સુખ સંપત્તિ આપનારી છે અને કુમતિ દુઃખ આપનારી છે. પાણિનીય વ્યાકરણમાં જ્યાં એ પદ આવે છે ત્યાં એવો અર્થ કરેલો છે.'

આ અર્થ સાંભળી વ્યંતર રાજી થયો. પછી બીજો સવાલ કહ્યો.

વ્યંતર-'આખા ગોત્રમાં એક પુરૂષ ભલો કહેવાય તે કેવો હોય ?'

ઉત્તર-જે આખા કુટુંબનો નિર્વાહ કરે તે એક પુરૂષ આખા કુટુંબમાં શ્રેષ્ઠ ગણાય. બીજા દરિદ્રી જેવા કે જે પોતાનું પેટ પણ ભરી ન શકે તે શા કામના ? કહ્યું છે કે-

ન જોઈએ તે લાખ, જોઈએ તે એકજ નહિ;
એક એકજ લાખ, લાખે મળે એકજ નહિ. ૧.

'ન જોઇએ તેવા લાખ મળે અને જોઇએ તે એક પણ ન મળે. એક પણ એક લાખ જેવો હોય, તે એક લાખથી પણ ન મળે.' વળી કહ્યું છે કે-

હંસા કેરે બેસણે, બગલા બેઠા વીશ;
જે કિરતારે વડા કિયા, તે શું કેહી રીસ ? ૨.
કયું કીજે અરહટ્ટડે, વહે જે બારે માસ;
જળધર વરસે એકજ ઘડી, પૂરે જનની આશ. ૩
ફોળે ન ચઢ એરંડ તું, દેખી ગિરૂઆં પત્ર;
ફળહ ધડક્કા જે ખમે, તે તો તરૂવર અત્ર. ૪

જે એક છતાં પણ લાખના પેટ ભરે છે, જે પુરૂષથી આંગણું શોભે છે તેજ એક ભલો છે." આ જવાબ સાંભળીને વ્યંતર પ્રસન્ન થયો.

તેણે ત્રીજો પ્રશ્ન કહ્યો કે-'વૃદ્ધોએ શું ન કરવું ?' તેના ઉત્તરમાં કહેવામાં આવ્યું કે-' વૃદ્ધોએ પરણવું નહીં; કારણ કે નાની આવેલી સ્ત્રી કોઇ યુવાનના પરિચયમાં આવે કે તરતજ તેની સાથે લુબ્ધ થઇ જાય છે. પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને લઇને પેલો પુરૂષ ભાગી જાય છે, એટલે લોકમાં ઇજ્જત ઘટે છે; માટે વૃદ્ધાએ ભૂલેચુકે પરણવાનો વિચાર કરવો નહીં.' આ જવાબ સાંભળી વ્યંતર ખુશી થયો. પછી તેણે ચોથો પ્રશ્ન કર્યો કે-'જે ઘરમાં સ્ત્રી પુરૂષનું કામ કરે તેનું શું થાય ?'

શારદાકુટુંબ કહે કે-'તે કુટુંબ વિનાશ પામે. જે પુરૂષ ગુહ્યની વાત સ્ત્રીને કહે તે પુરૂષનું ઘર વિનાશ પામે.' આ પ્રસંગ ઉપર એક કોળીનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે— અપૂર્ણ

# સંવત્સરી અને ખમતખામણાના પત્રો.

**મહેરબાન જૈન ધર્મ પ્રકાશના અધીપતિ સાહેબ!**

નીચેની હકીકતને આપના પત્રમાં સ્થાન આપવા કૃપા કરશો.

સંવત્સરી ખમતખમણા સંબંધે જે પત્રો લખાય છે તે સંબંધમાં ચાલતા જમાનામાં ઉહાપોહ થાય છે અને તે વાત સર્વ બંધુઓના જાણવામાં છે, છતાં થોડા વખત પછી પર્યુષણ પર્વ આવનાર હોઇ યાદદાસ્ત તાજી કરવા આ હકીકત જાહેર કરૂં છું.

સંવત્સરી પ્રતિક્રમણ કરતાં જગતના ચોરાશી લાખ જીવાયોનિ સાથે આપણે ખમતખમણા કરીએ છીએ. આ ખમતખમણા શુદ્ધ અંતઃકરણથી થતા હશે કે કેમ ? જો શુદ્ધ અંતઃકરણથી થતાં હોય તો પછી દરેક સ્થળે પત્રો લખવાનું પ્રયોજન શું ? આપણે ડાહ્યા અને બુદ્ધિશાળી ગણાતા હોવા છતાં રૂઢીના ગુલામ બની ગાડરિયા પ્રવાહ માફક દેખાદેખીથી કાર્ય કરીએ છીએ; જૈન ધર્મ પાળનારને રાગદ્વેષની દૃષ્ટિ હોયજ નહિ. દરેક પ્રત્યે સમભાવ હોવો જોઇએ; છતાં જો ન્યૂનાધિકપણું હોય તો જૈન નામને આપણે સાર્થક કરતા નથી એમ મારૂં માનવું છે.

બંધુઓ ! આપને પૂછું છું કે—આવા પત્રો લખવા બેસો છો તે વખતે કોઇના પ્રત્યે રાગ દ્વેષ કે વૈરવિરોધ હોય તેનો ત્યાગ કરો છો કે કેમ ? અને સામાના પ્રત્યે તમારો નિર્મળ પ્રેમ છે કે શી રીતે છે ? જો તેવો પ્રેમ ન હોય અને વિરોધભાવને વિસરો નહીં તો પછી પત્રો લખવાથી સાર્થક શું? ભૂતકાળના આપણા વડિલો સરળ પરિણામી હતા અને તેઓનો અરસપરસ ભ્રાતૃભાવ હોઇ આવા પત્રો લખવાની રૂઢી નહોતી. આજકાલ આપણે કેવા બન્યા છીએ તે વિષે લખવા જરૂર નથી. પણ 'ઉપરકી અચ્છી, ભીતરકી રામજી જાણે' એ કથનાનુસાર બાહ્ય દેખાવમાં મશગુલ બન્યા, પરંતુ ધર્મના ખરા રહસ્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણી શકયા નથી એમ જણાય છે.

પૂજ્ય મુનિમહારાજો-આપે સંસાર ત્યાગી ઇંદ્રિયો પર વિજય મેળવ્યો, સમભાવના શીખરે ચડ્યા, દરેક જીવ પ્રત્યે સમાન દૃષ્ટિવાળા હોવા છતાં આપને આવી ઉપાધિમાં પડવાનું કારણ શું? માત્ર બાહ્ય દેખાવમાં તણાઈ શ્રાવકો પાસેથી પૈસા કઢાવી નકામું ખર્ચ કરાવવાનું આપને શું પ્રયોજન છે તે સમજી શકાતું નથી.

વહાલા બંધુઓ અને પૂજ્ય મુનિમહારાજો! વિચાર કરો, જમાનો બદલાતો જાય છે તે સાથે આપણે પણ વિચાર કરવાની આવશ્યકતા છે, તો પછી ખાસ વિચારપૂર્વક આ રૂઢી બંધ કરવી અને કરાવવી જોઇએ.

કાર્ડ કવરની કીંમત બેવડી થઇ છે. રૂઢીથી લખાયેલ પત્રો જોઇને ફેંકી દેવાય છે અને પૈસા ખર્ચ ખાતે મંડાય છે. જો તેવા નિરર્થક ખરચાતા પૈસાનો બચાવ કરી આપ ધર્મપ્રેમી કે દેશપ્રેમી હો તો તેવા માર્ગે તે વાપરી તેનો સદુપયોગ કરશો તો તે પૈસો વ્યાજ શીખે પાછો મેળવી શકશો; પરંતુ રૂઢીના રસ્તે ગયેલ પૈસાના બદલાની આશા રાખશો નહીં.

સહુ પ્રત્યે નમ્ર ભાવે આ હકીકત જાહેરમાં મૂકું છું. આશા છે કે વાંચનાર બંધુઓ દરેક ઠેકાણે આવા ખર્ચ કમી કરવા અને કરાવવા બનતી કોશીષ કરશે એવી આ સેવકની વિનંતિ છે.

**પુરૂષોત્તમ વીરચંદ સંઘવી. વનાળા.**

# શ્રી ઋષભદેવનું ચૈત્યવંદન.

અરિહંત નમો ભગવંત નમો, પરમેસર જિનરાજ નમો;
પ્રથમ જિનેસર પ્રેમે પેખત, સિદ્ધાં સઘળાં કાજ નમો. અ૦ ૧
પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્ભૂત અતિશય નિધિ, પ્રવચન જલધિમયંક[૧] નમો. અ૦ ૨
તિહુયણ ભવિયણજન મનવંછિય-પૂરણ દેવરસાલ[૨] નમો;
લળી લળી પાય નમું હું ભાળે, કર જોડીને ત્રિકાળ નમો. અ૦ ૩
સિદ્ધ બુદ્ધ તું જગ જન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકળ સુરાસુર નરવર નાયક, સારે[૩] અહોનિશ સેવ નમો. અ૦ ૪
તું તિર્થંકર સુખકર સાહિબ, તું નિઃકારણ બંધુ નમો;
શરણાગત ભવીને હિતવત્સલ, તુંહી કૃપારસ સિંધુ નમો. અ૦ ૫

૧ જૈન શાસનરૂપી સમુદ્રને વૃદ્ધિ પમાડવામાં ચંદ્ર સમાન. ૨ દેવવૃક્ષ-કલ્પ વૃક્ષ. ૩ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવલ જ્ઞાનાદર્શે[1] દર્શિત- લોકાલોક સ્વભાવ નમો.
નાશિત સકળ કલંક કલુષગણ[2], દુરિત ઉપદ્રવભાવ નમો. અ૦ ૬
જગચિંતામણિ જગગુરૂ, જગહિતકારક જગજનનાથ નમો;
ઘોર અપાર ભવોદધિતારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭
અશરણ શરણ નિરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો;
બોધિ દીયો અનુપમ[3] દાનેસર, જ્ઞાનવિમલ સૂરીશ નમો. અ૦ ૮

## અર્થ.

અરિહંતને નમસ્કાર થાઓ, ભગવંતને, પરમેશ્વરને, જિનરાજને નમસ્કાર થાઓ. પ્રથમ જિનેશ્વર ઋષભદેવને પ્રેમવડે જોવા માત્રથી અથવા તેઓ આપણી સામે પ્રેમવડે જોવે તેથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે એવા પ્રભુને નમસ્કાર થાઓ.૧. પ્રભુ ( સમર્થ ), પારંગત ( ભવના પારને પામેલા ), પરમ મહોદયવાળા, અવિનાશી, અકલંક ( કર્મકલંકથી રહિત ), અજર ( જરા રહિત ), અમર ( મૃત્યુ રહિત ), અદ્ભુત અતિશયોના નિધાન (સ્થાન) એવા અને પ્રવચન તે જૈનશાસન તદ્રુપ સમુદ્રને ઉલ્લસિત કરવામાં મૃગાંક ( ચંદ્ર ) સમાન એવા પરમાત્માને નમસ્કાર થાઓ. ૨. ત્રણ ભુવનના ભવ્ય જીવોના મનોવાંછિત પૂરવાને કલ્પવૃક્ષ સમાન એવા પ્રભુને ચરણે હું લળી લળી નમસ્કાર કરૂં છું. હે ભવ્યો ! તમે પણ હાથ જોડીને તેમને ત્રિકાળ નમસ્કાર કરો. ૩. સિદ્ધ, બુદ્ધ, જગતમાં રહેલા સજ્જન મનુષ્યોના નેત્રને આનંદ પમાડનારા હે દેવ ! તમને નમસ્કાર કરૂં છું. વળી સર્વ સુર અસુર ને મનુષ્યોના નાયક (ઇંદ્રો અને રાજાઓ) જેમની અહોનિશ ( રાત્રિદિવસ ) સેવા કરે છે તેમને નમસ્કાર થાઓ. ૪. હે પ્રભુ ! તું તીર્થંકર છો, સુખકર સાહિબ -- સુખને આપનાર સ્વામી છો, નિષ્કારણ બંધુ છો અને શરણે આવેલા ભવ્ય જીવોના હિતવત્સલ – હિત ને વાત્સલ્ય કરનારા છો, તેમજ કૃપારસના સમુદ્ર છો, એવા હે પ્રભુ ! તમને નમસ્કાર થાઓ. ૫. કેવળજ્ઞાનરૂપ આદર્શવડે લોકાલોકના સ્વભાવ દેખી રહ્યા છો એવા આપને નમસ્કાર થાઓ. વળી જેમના સકળ કલંકો ને કલુષભાવ નાશ પામ્યા છે એવા અથવા ભવ્ય જીવોના સર્વ કર્મકલંકોનો તેમજ કલુષિત ભાવનો નાશ કરનારા, વળી દુરિત (પાપ)થી ઉત્પન્ન થયેલા ઉપદ્રવોનો પોતે નાશ કરનારા એવા તમને નમસ્કાર થાઓ. ૬ જગતમાં ચિંતામણિરત્ન સમાન (વાંછાપૂરક ), જગતના ગુરૂ, જગતના હિત કરનાર અને જગતમાં રહેલા મનુષ્યોના

૧ કેવળજ્ઞાનરૂપ આદર્શ-કાચવડે. ૨ કર્મરૂપ કલંક અને માઠા અધ્યવસાયના સમૂહનો નાશ કરનાર. ૩ ઉપમા રહિત-અનુપમ એવી બોધિ-સમકિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાથ એવા હે પ્રભુ! તમને નમસ્કાર. હે સ્વામી! તમે ઘોર (ભયંકર) અને અપાર એવા આ ભવસમુદ્રમાંથી તારનાર છો અને મોક્ષનગરે જવાના સાર્થવાહ છો. તમને હું નમસ્કાર કરૂં છું. ૭ અશરણના શરણ, વીતરાગ, નિરંજન (કર્મરૂપ અંજન વિનાના), સર્વ ઉપાધિ વિનાના અને જગતના ઇશ (સ્વામી)! તમને નમસ્કાર થાઓ. હે પ્રભુ! આપ મોટા દાનેશ્વરી છો, તેથી મને અનુપમ એવી બોધિ (સમકિત) આપો. આપ જ્ઞાનવડે નિર્મળ છો અને પૂજ્ય જનોમાં શ્રેષ્ઠ છો, તેવા આપને નમસ્કાર થાઓ. આમાં કર્ત્તાએ પોતાનું જ્ઞાનવિમળસૂરિ એવું નામ સૂચવ્યું છે. ૮

## શ્રી સિદ્ધાચળનું ચૈત્યવંદન.

**(અર્થ સહિત.)**

વિમલ કેવલ જ્ઞાન કમલા[૧], કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજસંસ્તુતચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં. ૧
વિમલ ગિરિવર શૃંગમંડન, પ્રવર ગુણગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં. ૨
કરતી નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલી[૨] નમે અહોનિશ, નમો આદિ જિનેશ્વરં. ૩
પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ[૩] મુનિ મનહરં;
શ્રી વિમલ ગિરિવર શૃંગ સિધ્યા, નમો આદિ જિનેશ્વરં. ૪
નિજ સાધ્ય સાધક સુર[૪] મુનિવર, કોડિનંત[૫] એ ગિરિવરં;
મુક્તિરમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં. ૫
પાતાલ નર સુરલોકમાંહી, વિમલ ગિરિવરતો[૬] પરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં. ૬
એમ વિમલ ગિરિવર શિખર મંડન, દુઃખવિહંડણ ધ્યાઇએ;
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં, પરમ જ્યોતિને[૭] પાઇએ. ૭
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદસ્થિત જયકરં;
ગિરિરાજસેવાકરણતત્પર, પદ્મવિજય સુહિતકરં. ૮

૧ નિર્મળ કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને વરેલા, ત્રિલોકવાસી સહુને હિતકારી અને ઇન્દ્રોએ જેના ચરણકમળ સેવ્યા છે એવા આદીશ્વર પ્રભુને નમસ્કાર.

૨ વિમલાચળ તીર્થરાજના શિખરને શોભાવનાર, શ્રેષ્ઠ ગુણરત્નોના ધારક અને કરોડો ગમે દેવ, દાનવ ને કિન્નરોવડે સેવાયેલા આદીશ્વર પ્રભુને નમસ્કાર.

૧ જ્ઞાનરૂપી લક્ષ્મી. ૨ દેવતાઓની શ્રેણિ. ૩ પાંચ ક્રોડ. ૪ શૂરવીર. ૫ અનંતી ક્રોડ. ૬ ગિરિરાજ થકી. ૭ મોક્ષને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ કિન્નરીઓ જ્યાં નાટક-નાટારંભ કરતી પ્રભુના ગુણગાન કરે છે અને દેવોના સમૂહો સદા પ્રભુને પ્રણમે છે તે આદીશ્વર પ્રભુને નમસ્કાર.

૪ પાંચ કરોડ મુનિઓ સંગાથે પુંડરીક ગણધરે (પ્રભુની અનુમતિથી) વિમલાચળ ઉપર અણસણ કરી આત્મકલ્યાણ સાધ્યું-સુંદરમોક્ષપદ વર્યો તે આદીશ્વર પ્રભુને નમસ્કાર.

૫ આત્મકલ્યાણ સાધનારા કરોડોગમે શૂરા મુનિવરો જેના આલંબને રત્નત્રયીનું આરાધન કરીને સહજે શિવસુંદરીને વર્યા તે આદીશ્વર પ્રભુને નમસ્કાર.

૬ ત્રણે ભુવન-સ્વર્ગ મૃત્યુ ને પાતાળમાં વિમળાચળથી ચડિયાતું કોઇ બીજું તીર્થ નથી એમ તીર્થના નાયક સ્વમુખે કહે છે તે શ્રીઆદીશ્વરપ્રભુને નમસ્કાર.

૭ એ શ્રી વિમળાચળ તીર્થરાજના શિખરને શોભાવનાર, દુઃખ દારિદ્રને ચૂરનાર શ્રીપરમાત્મપ્રભુનું ધ્યાન ધરીએ અને પરમાત્મ સમાન નિજઆત્માનું (અવરાયેલું-ઢંકાયેલું) સ્વરૂપ પ્રગટ કરવા નિમિત્તેજ સાચું લક્ષ્ય સાધીને એવું ધ્યાન ધરીએ તો પરમાત્મદશા પામીએ.

૮ મોહ, ક્રોધ, વિક્ષોભ અને નિદ્રા-આળસ વિકથાદિ પ્રમાદને જીતીને જે ભવ્યાત્મા પરમપદ-મોક્ષ પમાડનાર શ્રીવિમળાચળ તીર્થરાજની સેવા કરવામાં તત્પર રહે છે તે ઉત્તમ પ્રકારે સ્વહિત સાધી શકે છે. એમ પદ્મવિજયજી મહારાજ આ ગિરિરાજને આદીશ્વર મહારાજના ચૈત્યવંદનમાં સ્તવે છે. એવું લક્ષ્ય જાગ્રત થાઓ ! ઇતિશમ્.

## લગ્નપ્રસંગના રહસ્યમય મુદ્રાલેખો.

( અનુસંધાન પૃષ્ઠ-૬૪ થી. )

ખરૂં લગ્ન શું છે ?:-લગ્ન પ્રાણવિકાસનું વ્રત છે. સ્વર્ગપંથનું પગથિયું છે. માનવ બાલનો ધર્મ્ય માર્ગ છે, પરણવું એટલે પ્રભુતામાં પગલાં પાડવાં છે.

વર કોણ ? -આત્મા ઓળખે તે વર, ને ન ઓળખે તે પર.

કન્યા કેવા વરની વાંચ્છના કરે છે ? :-

નહિ અધુરો નહિ સમોવડો, પણ પ્રાણેશ્વર જીવન નિયન્તા,
જેના આદેશગમ ઉંચું જોઇ, નેત્રધારી પ્રણય તો કરૂં.
સંસારસાગરમાં મ્હારી નૌકા, જેના કરકૌશલ્યમાં ધરૂં,
એવો રસવીર નાવિક, મ્હારો આત્મજેતા યશસ્વી સ્વામિન.
મ્હારો આશાકેન્દ્ર હૃદયનાથ, મ્હારો પૃથ્વી ઉપરનો પ્રભુ,
અહોરાત્ર નમન કરવા, પ્રેમથાળ ભરી પૂજવા, મ્હારે ગૃહદેવ જોઇએ છે.

**સપ્તપદીના સાત મંત્રોના અર્થ:-(આ મંત્રો કોણ સમજે છે ?)**

મ્હારો આત્મા ત્હારા આત્મા સાથે જોડું છું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હારા પ્રાણ ત્હારા પ્રાણ સાથે જોડું છું.
મ્હારાં અસ્થિ ત્હારાં અસ્થિ સાથે જોડું છું.
મ્હારૂં માંસ ત્હારા માંસ સાથે જોડું છું.
મ્હારી ત્વચા તારી ત્વચા સાથે જોડું છું.
ભર્તા સંતુષ્ટ ભાર્યાથી, ભાર્યા ભર્ત્તાથી તેમજ;
સદાયે કુળમાં જેહ, ત્યાંજ કલ્યાણ શાશ્વત.

છેવટની શીખામણ:—

એ સ્નેહના હૃદય ઉજ્વળ પુત્ર પુત્રી,
મા ભૂલશો કદી તમે નિજ કુળધર્મ;
સંચ્યું ત્હમારૂં સહુ ભદ્રજ સ્નેહલગ્ને,
ને લગ્ન સ્નેહમાંહી દિવ્ય વિલાસ શોભા.

જયંતિલાલ છબીલદાસ.

# जैन भाइओ जागशो के ?

જમાનાની બલિહારી છે. આપણા શાસ્ત્રો પણ ફરમાવે છે કે દેશ, કાળ અને ભાવને માન આપીને ચાલવું. કોણ જાણે અમારા વડીલોના મનમાં શું એ વાત આવી હશે કે જેથી ભવિષ્યનો વિચાર કર્યા વગર કચ્છી દશા વીશા ઓસવાળ જૈન ભાઇઓ સાથે જ્ઞાતિભોજનવ્યવહાર બંધ કર્યો હશે ? કદાચ તે વખતે તેમના મનમાં ગમે તે કારણો હશે, પરંતુ જ્યારે જમાનો પોકારી પોકારીને કહી રહ્યો છે કે 'તમે ઐક્ય કરો ' તમારી અધોગતિનું કારણજ તમારી આપસની ફૂટ છે. સેંકડો વરસો થયા હિંદુ મુસલમાન નાહક લડી મરતા હતા અને પારણામ એ આવ્યું કે તે બન્ને કોમ પાયમાલ થઇ ગઈ. એક જમાનો હતો કે જ્યારે મુસલમાન બાદશાહો પૂર્ણ સત્તાવાન્ હતા; તેમજ એક જમાનો હતો કે હિંદુઓનું રામરાજ્ય હતું. આ પણ જમાનો છે કે જેમાં એ બન્ને કોમ ગુલામીમાં સબડી રહી છે. તેમજ એક જમાનો હતો કે જૈનો રાજ્ય કરતા હતા, જૈનો મોટા મોટા અમાત્યો હતા, આ જમાનો છે કે જૈનો રાજ કાજમાં શું સમજે ? થોડા નાના નાના હિંદુ મુસલમાન રાજાઓ છે, પરંતુ તેઓ તો સામાન્ય પ્રજાજનના કરતાં વધારે ગુલામીમાં સપડાયેલા છે. આટલી પ્રસ્તાવના કર્યા બાદ હું મારા મૂળ વિષય ઉપર આવું છું

કચ્છી દશા વીશા ઓસવાળ જૈન ભાઇઓ મોટી મોટી બાદશાહી સખાવતોને માટે જગપ્રસિદ્ધ છે. સિદ્ધગિરિ ઉપર શેઠ કેશવજી નાયકની ટુંક, આલીશાન ધર્મશાળાઓ, બાળાશ્રમો સાક્ષી પૂરે છે. તેમજ કરોડોના વ્યાપારમાં આ ભાઇઓ એક્કા ગણાય છે. આવી માતબર કોમથી બીજા જૈન ભાઇઓને જુદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેવું કેમ પરવડે છે, તેની સમજ પડતી નથી. આજે આપણાં લગભગ બધાં તીર્થો ભયમાં આવી પડ્યા છે. અમારા વડીલોએ આવા કરોડોની કિંમતના દેવાલયો અમોને વારસામાં આપ્યા છે, જે જોઈને દુનિયાના મુસાફરો હેરત પામે છે. તેવા દેવાલયો બનાવવાની અમારામાં તાકાત છે? બનાવીએ તો શું પણ તે સાચવવાની પણ અમારામાં તાકાત છે? હરગીજ નહી, છતાં અમારા મીજાજનો પાર નથી.

જૈન ભાઈઓ, હવે તો ચેતો, હવે તો અધોગતિની અવધિ થઇ છે, હજુ પણ નહિ ચેતીએ તો દુનિયામાં આપણી હસ્તી પણ રહેવી મુશ્કેલ છે. હવે તો આપસઆપસના મતભેદો છોડી દ્યો. આપણા મુંબઇ ભાયખાળાના મંદિરની કરોડ રૂપીઆની કિંમતની જમીન ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટે છીનવી લીધી છે, ગીરનારજી ઉપર આપણી માલીકીનો બંગલો નવાબસાહેબે છીનવી લીધો છે, કાંકરોલીના જૈન દેવાલયના મૂર્ખ લોકોએ ચૂરેચૂરા કરી નાખ્યા છે, શ્રી સિદ્ધગિરિ ઉપર પાલીતાણાના ઠાકોરસાહેબ ન ઇચ્છવા જોગ દખલગીરી કરી રહ્યા છે, શ્રી આબુજી ઉપર આપણો સીધો રસ્તો ગોરાદેવો પચાવી બેઠા છે અને આપણને આપણા લબાચા લઈને ડુંગરના આડા રસ્તે જવું પડે છે. આ કરતાં વધારે અધોગતિ શું હોઇ શકે? આપણે હિંદુસ્તાનની તમામ કોમમાં એક અગ્રગણ્ય વેપારી કોમ ગણાવાનો દાવો કરીએ છીએ, છતાં આપણી આવી બુરી દશાનો એક પળવાર પણ વિચાર કર્યો છે? હવે સમય પાકી ગયો છે, ઐકય કરો, ઐકય કરો, દશા વીશા ઓસવાળ ભાઇઓ સાથે મસલત ચલાવો. સંપ કરો. તમો મોટી મોટી મીલો ચલાવો છો, કરોડોના ઝવેરાતના વેપાર કરો છો, તો શું તમે પોતાના ઘરનો ઝગડો દૂર ન કરી શકો? શેઠ નરોતમદાસ ભાણજી, શેઠ અંબાલાલ સારાભાઈ, તમો સુધારક છો, વિલાયતની મુસાફરી કરી છે, મોટા દીલવાળા છો, તમારા ઉપર લક્ષ્મીદેવી તેમજ સરસ્વતીદેવીની સંપૂર્ણ કૃપા છે, તમો ધારો તે કરી શકો તેવા છો, તમો મહાત્મા ગાંધીના ભક્ત છો, છતાં પણ આપણા પોતાના ઉદ્ધારનો વિચાર પણ તમારા મનમાં નથી આવતો? લાલભાઇ ગયા, મનસુખ ભાઇ ગયા, હવે અમે અમારી દ્રષ્ટિ તમારા ઉપર ન ફેંકીએ તો કોના ઉપર ફેંકીએ? કુંવરજીભાઈ કે જમનાભાઇ શેઠ તો હવે વૃદ્ધ થયા છે, છતાં આપના મતમાં તો તેઓ ઉભાજ રહેશે, માટે સમય ઓળખી હવે કોમસેવાના કામ કરો, સોનામાં સુગંધ મળશે. તમારી સુવર્ણમય કીર્તિ દીપી નીકળશે.[1]

**શા પોપટલાલ ત્રીભોવનદાસ.**
ઓ. સે. જૈન યુવક મંડળ.

૧ તા.-ક.-કહેવાની જરૂર નથી કે આ ઓસવાળ ભાઇઓ અન્ય જૈન ભાઇઓ કરતાં ચારિત્ર કે આચારમાં કોઈ પણ રીતે ઉતરતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## हितशिक्षा.

૧ "એકડે એક ને બગડે બે" અર્થાત્ એકથી થાય તેવા કાર્યમાં બે મનુષ્ય પડે તો તે કાર્ય ચોકસ બગડેજ, માટે કોઇ પણ કાર્યમાં બે જણાએ તો પડવુંજ નહીં.

આનો સાર એ નથી કે બીજાની સહાય ન લેવી, જે કાર્ય પોતાથી બને તેવું ન હોય તેમાં ખુશીથી બીજાની સહાય લેવી, પણ ઇર્ષ્યા તરીકે એકે કામ શરૂ કર્યું તો બીજાએ પણ તે કાર્ય હાથ ધરવું નહીં. એવો આ હિતશિક્ષાનો સાર છે.

૨ 'પરોપદેશે પાંડિત્ય તજી દેવું.' અર્થાત્ પરને ઉપદેશ દેવામાં પંડિત ન બનવું. પોતે કર્યા પછી તે કાર્ય વિષે બીજાને કહેવું. બીજાને કરી દેખાડવું. આવી સજ્જનોની રીતિ હોય છે.

૩ ઉત્તમ જનોએ આ સંસારની સ્થિતિ સમજીને શું વિચાર કરવો તે કહે છે-

**માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત;**
**ક્યાંથી આવ્યો ક્યાં જવું ?, ચેત ! ચેત ! નર ચેત ! ૧**
**શુભ શીખામણ સમજીને, પ્રભુ સાથે કર હેત;**
**અંતે અવિચળ એજ છે, ચેત ! ચેત ! નર ચેત ! ૨**

વહોરા. રાજપાળ મગનલાલ ખાખરેચી.

## એક પ્રશ્ન.

કોઇ વ્રતધારી શ્રાવિકાને ધાવણું બાળક હોય અને તે પુત્રી હોય તો તેને પૌષધમાં ધવરાવાય કે નહીં ? જો ન ધવરાવાય તો તેનાથી પૌષધ થઇ શકતા નથી અને દરવર્ષે અમુક સંખ્યામાં પૌષધ કરવાનો તને નિયમ છે તેનો ભંગ થાય છે. તેનું શું કરવું ? કોઇને બાળક સોંપાય તેવી સ્થિતિ નથી. બાળક બીજા પાસે રહે તેવું પણ નથી. ઉપરાંત બાળક પુત્ર હોય તો શું કરવું ? આ પ્રશ્નનો ઉતર મુનિમહારાજા કે સૂરીશ્વરોએ જૈનધર્મ પ્રકાશના તંત્રી ઉપર લખી મોકલવા કૃપા કરવી.

એક શ્રાવિકા.

## એક સાવચેતી.

હાલ ચાંદીના સિદ્ધચક્ર બનાવવાની પ્રવૃત્તિ બહુ વધી ગઇ છે, કોઇ કોઇ તો ચાંદીના પ્રતિમાજી અને અષ્ટમાંગળિક પણ બનાવે છે. પ્રથમ તે પંચધાતુ પીતળ વિગેરેના બનતા હતા, તેમાં જોખમ ન હતું; આમાં જોખમ છે. ઘણી જગ્યાએથી ચોરાઇ જવાના ખબર આવે છે અને તેને પરિણામે તેની મહા આશાતના થાય છે. તેથી પ્રથમ પ્રમાણે પંચધાતુના બનાવાય તો શ્રેષ્ટ છે. ચાંદીના બનાવનારા બંધુઓના તો શુભ ભાવ છે, દ્રવ્યનો વ્યય પણ વિશેષ કરે છે, છતાં ઉપરના કારણથી આ બાબતમાં સાવચેતી રાખવા માટે લખવાની જરૂર પડી છે. સજ્જનો તેનો યોગ્ય ઉપયોગ કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुस्तकोनी पहोंच.

## ૧ આબુ જૈનમંદિરોકે નિર્માતા.

આ નામની બુક પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજે તૈયાર કરેલી તે શ્રી આત્માનંદ જૈન સભા અંબાલા તરફથી છપાઇને પ્રગટ થઈ છે. બુકની અંદર ઘણી હકીકતો આવશ્યકતાવાળી સમાવેલી છે. અર્બુદગિરિ કલ્પ આપ્યો છે. ખાસ કરીને વિમળશાહ ને વસ્તુપાળ તેજપાળને અંગે ઘણું લખાણ છે. પ્રાસંગિક બીજી બહુ વાતો આપી છે. ખાસ વાંચવા લાયક છે. ભાષા હિંદી છે. ટાઈપ શાસ્ત્રી છે. કિંમત આઠ આના છે. ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભામાંથી પણ મળી શકશે.

## ૨ સિંદુર પ્રકર કિંવા સૂક્તમુક્તાવળી.

આ શતાર્થિક શ્રી સોમપ્રભસૂરિકૃત કાવ્ય કે જેમાં દરેક વિષયપર ચાર ચાર વૃત્ત આપેલા છે, તે ગુજરાતી અર્થ સાથે તૈયાર કરીને શ્રી મુંબઈ પ્રનાલાલ જૈન હાઈસ્કુલના ધાર્મિક શિક્ષક શાહ માવજી દામજીએ બહાર પાડેલ છે. અંદર કર્ત્તાનું ચરિત્ર આપ્યું છે. શ્લોકોનો અકારાદિક્રમ બતાવ્યો છે અને આ કાવ્યમાં આવેલા જુદા જુદા ૧૩ વૃત્તોના લક્ષણો શ્રુતબોધમાંથી આપ્યા છે. તેના અર્થો પણ આપ્યા છે. કિંમત પાંચ આના રાખી છે. પ્રયત્ન ઉત્તમ છે. બીજી આવૃત્તિ વખતે હજુ વધારે લક્ષ્ય આપીને સુંદર બનાવવા યોગ્ય છે.

## ૩ નમોક્કાર ને કરેમિભંતે.

આ બે સૂત્રો સંબંધી ઘણી હકીકતોનો સંગ્રહ કરીને આ બુક પરભુદાસ બેચરદાસ પારેખે તૈયાર કરી છે અને શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાવળીના સેક્રેટરી વકીલ કેશવલાલ પ્રેમચંદે પ્રગટ કરી છે. જાણવા લાયક ઘણી હકીકતોનો સમાવેશ કર્યો છે. કિંમત રાખવામાં આવી નથી. નમસ્કારના સંબંધમાં પ્રારંભના ૩૬ પૃષ્ટમાં પ્રશ્નોત્તર રૂપે ઘણી હકીકત આપી છે. ત્યારપછી પર પૃષ્ટમાં કરેમિભંતેને લગતી હકીકત જુદા જુદા મથાળા નીચે લખી છે. તેમાં સામાયિકનું સ્વરૂપ બહુ સારી રીતે સમાવ્યું છે. વાંચવા સમજવા મનન કરવા લાયક છે.

## ૪ ભારતકીર્ત્તન અને ૫ હિંદુસંસાર ચિત્ર.

આ બે બુકો જેના લેખક મોરબી નિવાસી વલ્લભજી ભાણજી મહેતા છે, તેના પ્રકાશક જુદા જુદા ગૃહસ્થ છે. બંને બુકો વાંચવા લાયક છે. આપેલા નામને શોભાવે તેવી છે. બંને બુક પદ્યબંધ રચનાવાળી છે. પહેલી બુકની કિંમત ચાર આના રાખી છે, બીજી બુકની કિંમત રાખવામાં આવી નથી. બીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુકમાં મોરબીના દાનવીર શેઠ અંબાવીદાસ ડોસાણીનો ફોટો અને તેનું ચરિત્ર આપવામાં આવેલ છે. તે સાથે તેમણે કરેલી લાખ રૂપીઆ ઉપરાંતની સખાવતનું લીસ્ટ આપવામાં આવ્યું છે. તે દ્રવ્યવાનોને માટે અનુકરણીય છે. અમને એ બંને બુકો જયંતિલાલ છબીલદાસ તરફથી ભેટ મળી છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

### ૬ સુબોધ ભજન સંગ્રહ.

આ બુક સંઘવી પુરૂષોત્તમ વીરચંદ વનાળાવાળાએ પોતે બનાવીને પ્રસિદ્ધ કરી છે. ભજનો અસરકારક છે. વાંચવા લાયક છે. પૃષ્ટ ૪૮ છે. કિંમત ચાર આના રાખી છે, પણ જૈનધર્મપ્રકાશના ગ્રાહકોને માત્ર પોસ્ટેજનો અરધો આનો મોકલવાથી મોકલવા લખે છે.

### ૭ ધર્મપરીક્ષા ગ્રંથ. સટીક.

શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાય વિરચિત આ ગ્રંથ સ્વોપજ્ઞ વિવરણવાળો હોવાથી ઘણોજ ઉપયોગી છે. ખાસ વાંચવા લાયક છે. અનેક બાબતોના શાસ્ત્રાધાર સાથે ખુલાસા કર્યા છે. પંડિત ભગવાનદાસ હરખચંદે શોધેલ છે અને શ્રી પાટણ હેમચંદ્રાચાર્ય સભાએ છપાવેલ છે. કિંમત લખી નથી. પ્રયાસ ઉત્તમ કર્યો છે પણ છાપનાર પ્રેસે તેને સફળ થવા દીધો નથી. ઘણા ટાઇપો ઉઠ્યા નથી. આ બાબતમાં હવે પછી બહુ સાવધાની રાખવાની જરૂર છે. સંસ્કૃતના અભ્યાસીને આ ગ્રંથ ખાસ વાંચવાની ભલામણ કરીએ છીએ.

### ૮ કેળવણીના અખતરા.

આ બુક શ્રી દક્ષિણામૂર્ત્તિ ભવન, ભાવનગર તરફથી બહાર પડેલ છે. તેની અંદર કેળવણીને લગતી ઘણી હકીકતો સમજાવી છે, કેળવણીની વૃદ્ધિના ઇચ્છકોએ ખાસ વાંચવા લાયક છે. ખરી કેળવણી શેનું નામ ? તે આ બુક વાંચવાથી સમજી શકાય તેમ છે. પ્રયાસ સ્તુત્ય છે. કેળવણીને અંગે આ ખાતું બહુ સારૂં કામ કરે છે. કામ કરનાર બંધુઓ નિઃસ્વાર્થ પ્રયત્નશીલ હોવાથી અમે તે ખાતાની ફતેહ ઇચ્છીએ છીએ.

### ૯ જ્યોતિષ સાર સંગ્રહ. પ્રાકૃત.
### હિંદી અનુવાદ સહિત.

આ નાનો સરખો પણ ઉપયોગી ગ્રંથ પંડિત ભગવાનદાસ જૈને હિંદી અનુવાદ કરીને બહાર પાડ્યો છે. ગ્રંથકર્ત્તાએ પોતાનું નામ જણાવેલ નથી, પરંતુ મંગળાચરણ ઉપરથી જૈન જણાય છે. જ્યોતિષ વિષયના જીજ્ઞાસુઓને પ્રવેશક છે, ઉપયોગી છે, કિંમત બાર આના રાખી છે. અનુવાદક પાસેથી બીકાનેરમાં મળી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ૧૦ શ્રી અષ્ટાપદ તીર્થ પૂજા.

મુનિરાજ શ્રી વલ્લભવિજયજીની બનાવેલી આ પૂજા હાલમાં શ્રી હંસવિજયજી ફ્રી લાઇબ્રેરી અમદાવાદ તરફથી બહાર પાડવામાં આવી છે. પૂજા બહુ સુંદર બની છે. દેરાસરોમાં ખાસ ભણાવવા લાયક છે. કિંમત રાખી નથી.

### ૧૧ શ્રી પદ્મવિજયજી કૃત નવપદની પૂજા તથા
### શ્રી રૂપવિજયજી કૃત પંચકલ્યાણકની પૂજા

આ બે પૂજા શ્રાવિકાવર્ગને ભણાવવામાં બહુ અનુકૂળ પડતી હોવાથી ગુરૂણીજી લાભશ્રીજીના ઉપદેશથી શ્રાવિકા બાઇ હરકોરે ભાવનગરમાં છપાવી છે. શ્રાવિકાવર્ગે સહાય આપી છે. ભેટ આપવામાં આવે છે. કિંમત રાખેલ નથી.

## જૈન બંધુઓ ! સહાય આપો.

શ્રી મુંબઈમાં ચાલતા શ્રીવર્ધમાનતપ આયંબીલ ખાતાનો સં. ૧૯૭૮ના જેઠથી સં. ૧૯૭૯ના બીજા જેઠ સુધીનો હીસાબ ને રીપોર્ટ મંજુર કરવા અશાડ શુદિ ૧મે મળેલી મીટીંગનો હેવાલ અમને મળ્યો છે. તે ઉપરથી અધિક માસ સહિત તેર માસમાં સદરહુ ખાતામાં રૂ૩૪૦૦) નો ખર્ચ થયાનું જણાય છે; અને સદરહુ ખાતું નીભાવવા માટે ત્રીશ હજાર લગભગનું ફંડ થયું છે. તેના વ્યાજ ઉપરાંત બીજી સહાયો મળ્યા કરે છે. આ ખાતુંજ એવું છે કે એમાં સહાય મળ્યાજ કરે. આ મીટીંગ વખતે પણ ઉદારદીલ શેઠ મોતીલાલ મુળજીભાઇએ રૂ૫૦૧) આપવાની પહેલ કરવાથી રૂ૧૧૮૬)ની સહાય મળી છે આ ખાતાની શરૂઆત તો સં.૧૯૭૭માં કરવામાં આવેલ છે, પરંતુ સં. ૧૯૭૮ના વૈશાખ સુધી તો શેઠ અમીચંદ છોગમલજી તરફથી ખર્ચ આપવામાં આવેલ છે. ત્યારપછીથી શ્રી સંઘ તરફથી એક વ્યવસ્થાપક કમીટી નીમીને આ ખાતું ચલાવવામાં આવે છે. તેના સેક્રેટરી રા. રા. ચીમનલાલ જેશંગભાઇ પટવા છે. અમે એ ખાતાની ઉન્નતિ ઇચ્છીએ છીએ અને યથાયોગ્ય સહાય આપવા જૈન બંધુઓને સૂચના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. ભાગ ૪ થો. સ્થંભ ૧૯થી૨૪.

કિંમત ત્રણ રૂપીઆ.

આ ભાગ હાલમાં બહાર પડ્યો છે. એમાં એ ગ્રંથ પૂર્ણ થયો છે, એની અંદર સહાય બીલકુલ મળેલી નથી. છતાં અનેક સંસ્થાઓને તેમજ મુનિમહારાજને અને સાધ્વીજીને ભેટ અપાયેલ છે. જે મંગાવે તે સર્વને ભેટ આપવાનું બની શકતું નથી, તેથી કેટલાક મુનિરાજને ખોટું લાગવા જેવું થાય છે, પણ અમે નિરૂપાય છીએ. લાઈફ મેમ્બરને કિંમતમાં એક રૂપીઓ ઓછો લેવામાં આવે છે. પોસ્ટેજ આઠ આના લાગે છે. બહુજ ઉપયોગી છે.

## શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતરના દશે પર્વ મળી શકે છે.

દરેક જૈન બંધુએ રાખવા લાયક છે.

| | |
|---|---|
| વિભાગ ૧ લો. પર્વ ૧–૨ શ્રી ઋષભદેવ–અજિતનાથ ચરિત્ર. | ૩–૪–૦ |
| વિભાગ ૨ જો. પર્વ ૩ થી ૬ શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રત સ્વામી સુધીના ચરિત્રો. | ૨–૪–૦ |
| વિભાગ ૩ જો. પર્વ ૭–૮–૯ જૈન રામાયણ અને ૨૧–૨૨–૨૩ મા પ્રભુના ચરિત્રો. | ૪–૦–૦ |
| વિભાગ ૪ થો. પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામી ચરિત્ર. | ૨–૮–૦ |

ચારે વિભાગ સાથે મંગાવનાર પાસેથી રૂા. ૧૧) લેવામાં આવશે.

પરિશિષ્ટ પર્વ ભાષાંતર પણ આના સંબંધવાળુંજ છે, તેમાં શ્રી જંબૂસ્વામીનું ચરિત્ર ૧૯ કથાઓ સાથે અને બીજા આચાર્યોના ચરિત્રો છે. ૧–૮–૦

## શ્રી પ્રિયંકર નૃપ ચરિત્ર ભાષાંતર.

આ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવ ઉપર આપેલું ચરિત્ર છે. તેની આ બીજી આવૃત્તિ છે. બહુ રસીક છે. વાંચવા માંડ્યા પછી પૂરૂં કર્યા શિવાય મૂકાય તેમ નથી. પ્રાંત ભાગમાં વધારે ગાથાના ઉવસગ્ગહરં આપેલા છે. કિંમત છ આના રાખેલ છે. પોસ્ટેજ ૦–૧–૬

## શ્રી પાક્ષિક સૂત્ર, શ્રમણ સૂત્રાદિ સંગ્રહ.

(સંસ્કૃત છાયા ને ગુજરાતી અર્થ સહિત.)

આ પ્રતાકારે બહાર પાડેલ બહુ ઉપયોગી પુસ્તક છે. ગુરૂણીજી લાભશ્રીજીનો એમાં ઘણો પ્રયાસ છે ને શ્રાવિકાસમુદાયની આર્થિક સહાય છે. સાધુ સાધ્વીને બહુજ ઉપયોગી છે. અર્થ ટીકાને આધારે વિસ્તારથી આપવામાં આવેલ છે. ચાર પાક્ષિક ખામણા ને આહારના ૪૭ દોષ પણ આપેલ છે. કિંમત રાખવામાં આવી નથી. સમુદાયના અગ્રણીના પત્રથી જરૂર પૂરતી ભેટ મોકલાય છે. પોસ્ટેજ ચાર આના લાગે છે તે મંગાવનારે શ્રાવકદ્વારા મોકલવું પડે છે. આ બાબત પત્ર ગુરૂણીજી શ્રી લાભશ્રીજી ઉપર રાંઘણપુરી બજારમાં ઉપાશ્રયે. ભાવનગર. કરીને લખવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तकप्रसिद्धि खातुं.

### ૧ છપાય છે.

૧ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ. આવૃત્તિ ત્રીજી.
૨ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા. ભાષાંતર–વિભાગ ૨ જો.
૩ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૧ લો. આવૃત્તિ ત્રીજી.
૪ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૭–૮–૯ (આવૃત્તિ ત્રીજી.)
૫ શ્રી વર્ધમાન દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૬ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય ( જૈનધર્મપ્રકાશમાંથી )

### ૧ તૈયાર થાય છે.

૭ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૮ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૨ જો. ( નાના નાના પ્રકરણો–સાર્થ. )
૯ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૧૦ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)

## સંબોધ સત્તરી પ્રકરણ. ભાષાંતર સહિત.

ગાથા ૧૨૫ અર્થ સહિત અને તેમાં આવેલા અનેક વિષયોની અનુક્રમણિકા સાથે સભા તરફથી, છપાવીને બીજી આવૃત્તિ તરીકે હાલમાં બહાર પાડવામાં આવી છે.

સાધુ સાધ્વીને તેમજ સંસ્થાઓ વિગેરેને ભેટ આપવા માટે નકલ ૫૦૦ આ સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ તેમના સદ્ગત પત્ની રૂપાળીના શ્રેયાર્થે રાખેલી છે. મંગાવનાર સંસ્થા વિગેરેએ પોસ્ટેજ એક આનો મોકલવો.

## સભામાં દાખલ થયેલા નવા મેમ્બરો.

### લાઇફ મેમ્બર.

| | | |
|---|---|---|
| ૧ | મોદી બબલચંદ કેશવલાલ પ્રેમચંદ. | અમદાવાદ |
| ૨ | શેઠ કેશવલાલ મગનલાલ ઠાકરશી. | અમદાવાદ |
| ૩ | શા ચુનીલાલ કમળશી. હુંબવદવાળા. | હાલ મુંબઇ |
| ૪ | શેઠ મોહનલાલ માણેકચંદ ભાણજી. | ભાવનગર |

### પહેલા વર્ગના મેમ્બર.

| | | |
|---|---|---|
| ૧ | શા મંગલદાસ છોટાલાલ. | ખંભાત |
| ૨ | શેઠ રતનચંદ મગનલાલ. | અમદાવાદ |
| ૩ | શા વીરચંદ રતનશી. | માંડલ |

For Private And Personal Use Only